કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન દર મહિનાની ૧૧ તારીખે ● સળંગ અંક : ૧૫૫ ● માર્ચ ૨૦૨૦




પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧





# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૩ ● અંક : ૧૫૫

માર્ચ-૨૦૨૦

(મૂળ વર્ષ ૫૧)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.com

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી**

તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
**Mo. : 9099098969**
magazine@swaminarayan.in
www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | બ્રહ્મમુહૂર્ત | ૦૬ |
| ૦૪. | દીનાનાથ હરિકૃષ્ણનો જય | ૦૮ |
| ૦૫. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃત વચનો | ૧૦ |
| ૦૬. | વચનામૃત એટલે શ્રીહરિના વચનોરૂપી અમૃતનો સાગર | ૧૩ |
| ૦૭. | શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દ્વારા વચનામૃત મહોત્સવ (૨૭૩) ભવ્યતાથી ઉજવાયો | ૧૫ |
| ૦૮. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૭ |
| ૦૯. | સત્સંગ બાલવાટિકા | ૨૩ |
| ૧૦. | ભક્તિ સુધા | ૨૬ |
| ૧૧. | પ્રશ્નપેટી | ૩૦ |
| ૧૨. | સત્સંગ સમાચાર | ૩૧ |

# અસ્મદીયમ્

અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશ અંતર્ગત વચનામૃત દ્વિશતાબ્દી મહામહોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી આપણા ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને ભવ્યતાથી ઉજવાયો.

એક માસ જેટલા ટૂંક સમયમાં આવું અદ્વિતિય આયોજન જે થયું તે સૌના માટે આશ્ચર્યજનક અને અદ્‌ભુત હતું. અહીં સતત શ્રીહરિની ઉપસ્થિતિ હોય તો જ આ શક્ય બને. પ.પૂ. લાલજી મહારાજશ્રી માટે કાંઈ આ નવું પણ નથી સહજ હતું. તેમનામાં બાળપણથી ભગવાન શ્રી ઘનશ્યામ મહારાજની જેમ ઘણા પ્રસંગોમાં આપણે સૌએ અનુભવ્યું છે અને જોયું છે. ભગવાનના પુત્રમાં શું ખામી હોય, શ્રી નરનારાયણદેવ દેશમાં અનેક મહા મહોત્સવો ઉજવાયા છે અને ઉજવાતા રહે છે. સંતો-હરિભક્તો ખંભે ખંભા મિલાવીને એક સૂત્રતાથી સેવામાં જોડાયેલા હોય છે.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની રુચિ, સૂજ-બૂઝ કેવી અદ્‌ભુત છે. ન કોઈ પ્રચાર-પસાર ન કોઈ પ્રસંશા માટે પણ સામાન્ય માણસનું પણ એટલું ધ્યાન રાખવું તે નાની સૂની વાત નથી. આજ મોટા પુરુષની મોટાઈ અને મહાનતા છે. મ્યુનિસિપાલીટીના સફાઈ કામદારોનું સન્માન કરી તેમને ખૂબ બિરદાવ્યા જેથી તેમનામાં નવો જોશ ઉત્સાહ ઉમેરાયો. અને ''મા'' ભોમની રક્ષા કરતા **CRPF** અને **RAF** ના જવાનોનું પણ ખૂબજ ભવ્યતાથી સન્માન કરાયું. આ બન્ને માટે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીને ખૂબ માન અને ગૌરવ છે. આવા મહામહોત્સવની આ ફલશ્રુતિ નહીં તો બીજું શું હોય શકે !

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ



# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (ફેબ્રુઆરી-૨૦૨૦)

| | |
|---|---|
| ૧ | શ્રી સ્વામિનારાયણ મંદિર મહિસા વાસણા મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૨ | શ્રી સ્વામિનારાયણ મંદિર મનીપુરા મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૩ | શ્રી સ્વામિનારાયણ મંદિર ધનસુરા પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૪ | શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર કરશનપુરા શતાબ્દી પાટોત્સવ મહોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૭ | શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ બાપુનગર ૧૫ માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૮-૯ | શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવી (કચ્છ) પધરામણી. |
| ૧૦ | શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૨ | રાજપુર (કડી) શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૩ | શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૪ | મોરબી શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૫ | વિહાર અને પ્રતાપપુરા મંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર સાપાવાડા પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૭ | શ્રી સ્વામિનારાયણ મંદિર ભાવપુરા અને મોખાસણ પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૮ | શ્રી સ્વામિનારાયણ મંદિર કુબડથલ પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૯ | ધોળકા મંદિર સત્સંગ સભા પ્રસંગે પધરામણી. |
| ૨૩ થી ૨૬ | શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ અને પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ મહાભિષેક આદિ પોતાના શુભ સાનિધ્યમાં સંપન્ન થયા. |
| ૨૮ | શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા પાટોત્સવ પ્રસંગે પધરામણી. |

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ફેબ્રુઆરી-૨૦૨૦)

| | |
|---|---|
| ૨ | શ્રી સ્વામિનારાયણ મંદિર ઉંઝા અને કુહા પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૩ | શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ બાપુનગર પંચ દશાબ્દી મહોત્સવ પ્રંસગે પધરામણી. |
| ૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર પાટડી પધરામણી. |
| ૭ | શ્રી સ્વામિનારાયણ મંદિર મોખાસણ ૩૦ મો અને ૨૯ માં (ભાઈઓ-બહેનોનું) પ્રસંગે પધરામણી. |
| ૮ | સોલૈયા ગામે પધરામણી. |
| ૯ | શ્રી સ્વામિનારાયણ મંદિર વિજાપુરમાં પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૨ | શ્રી સ્વામિનારાયણ મંદિર ચરાડા પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૩ | આમજા શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૫ | સરઢવ ગામે પધરામણી. |
| ૧૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલ પધરામણી. |
| ૨૩ | શ્રી સ્વામિનારાયણ મંદિર માણેકપુર ગામે પધરામણી. |
| ૨૩ થી ૨૬ | શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહામહોત્સવ અને પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનો ૧૯૮ મો પાટોત્સવ મહોત્સવ પોતાના અધ્યક્ષ સ્થાને ધામધૂમથી સંપન્ન થયો. |

# બ્રહ્મમુહૂર્ત

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

આપણા ઈષ્ટદેવ શ્રી સહજાનંદ સ્વામી મહારાજે સ્વહસ્તે શ્રી શિક્ષાપત્રી લખી તેમાં ચારેય પુરુષાર્થની સિધ્ધિ સિધ્ધ થાય તેના નિયમો-ઉપાયો સર્વશાસ્ત્રોના સાર રૂપે લખ્યા છે. તેવો એક અદ્‌ભુત ઉપાય શ્લોક નં. ૪૯ માં ''અમારા સત્સંગી તેમણે નિત્ય સૂર્ય ઉગ્યાથી પ્રથમ જ જાગવું.'' આ એક વચનમાં માણસના જીવનને ઉપયોગી અસંખ્ય બાબતોનો સમાવેશ થાય છે.

સૂર્યોદય પૂર્વના સમયને ''બ્રહ્મમુહૂર્ત'' શાસ્ત્રોમાં કહ્યો છે. તેની જાણકારી અને તેના ફાયદાઓ આપણા ઋષિમુનિઓએ પોતાના અભિપ્રાયોમાં ખૂબજ ઉંડાણ પૂર્વક શાસ્ત્રીય વૈજ્ઞાનિક પૂર્ણ પુરાવાઓ સહિત કહ્યા છે. આજના દોડ ભાગના જમાનામાં વૃત્તિને માટે અહર્નિશ સમય આપતો માનવી સફળતાના શિખરને સર કરવાના અરમાનો સમય-સંજોગની પૂર્ણ જાણકારીના અભાવે અનેકાનેક સંકટોનો સામનો કરતો રહે છે. અને અન્તતઃ નિષ્ફળતાઓનો સામનો કરવો પડે છે.

''બ્રહ્મમુહૂર્ત'' એટલે શું ? દિવસના ૨૪ કલાકના ૩૦ મુહૂર્ત (હોરા) હોય છે. પ્રત્યેક મુહૂર્ત ૪૮ મિનિટનું ગણવામાં આવે છે. સૂર્યોદયથી શરૂ કરીને બીજા દિવસના સૂર્યોદય પર્યન્ત દર ૪૮ મિનિટે મુહૂર્ત બદલાય છે. તેમાં સૂર્યોદયની પહેલાના બે મુહૂર્ત એટલે કે ૯૬ મિનિટનો જે સમય છે તે ''બ્રહ્મમુહૂર્ત'' કહેવાય છે. દક્ષિણાયન ઉત્તરાયણ પ્રમાણે દિવસ રાતના સમયમાં આશરે દોઢ કલાક જેટલો સમય પરિવર્તન થતો હોય તો સૂર્યોદયના સ્ટાન્ડર્ડ સમયથી જે તે રાજ્ય-દેશના સમય અનુસાર ગણવામાં આવે છે.

બ્રહ્મમુહૂર્તમાં જાગવાના ફાયદાઓ જોઈએ તો, 'બ્રહ્મમુહૂર્ત એટલે બ્રહ્મનો સમય, બ્રહ્મ એટલે પરબ્રહ્મની દિવ્ય શક્તિ.' માણસનું શરીર પાંચ મુખ્ય તત્વ અને આંશિક ૨૪ તત્વો થી બનેલ છે. તે તે તત્વોના તે તે માલિક દેવ અધિષ્ઠાતા રૂપે શરીરમાં નિવાસ કરે છે. સૂર્યોદયથી પૂર્વે બ્રહ્મમુહૂર્તમાં તે તે તત્વોના અધિષ્ઠાતા દેવો સૂર્યદેવની સાથે પૃથ્વી પર પ્રગટ થઈને પોત પોતાના તત્વમાં પોતાની શક્તિનો સંચાર (શક્તિ પ્રદાન) કરે છે. પરબ્રહ્મ પરમાત્માએ તે દેવોને સમસ્ત દેહધારી સૃષ્ટિને શક્તિ આપવાની જવાબદારી સોંપી છે. એટલે તેઓ ૨૪ કલાકમાં બે મુહૂર્ત પૃથ્વીલોકમાં નિવાસ કરતા સમસ્ત દેહધારીઓના શરીરમાં પ્રગટ થાય. તે સમયે જે માણસ જાગૃત અવસ્થામાં હોય તેમાં પણ જે ધ્યાન-ભજન જેવા પવિત્ર કાર્યોમાં જોડાયા હોય તેવા લોકોને પોતાની ઉર્જા પ્રદાન કરતા હોય છે. તેમજ માણસના શરીરમાં ૭ ચક્ર હોય છે તે સુષુપ્તિ અવસ્થામાં નિષ્ક્રિય થયા હોય તેને પુનઃ શક્તિઓનો સંચાર કરીને કાર્યાન્વિત બનાવે છે જે આગલા ૨૪ કલાક સુધી શરીરમાં તે ઉર્જાનો સ્ત્રોત વપરાય છે. તેમજ શરીરમાં રહેલી ૭૨ હજાર નાડીઓ તથા ઈડા-પિંગળા-સુષુમ્ણા નાડીઓની શક્તિ પોત પોતાનું કાર્ય શરૂ કરી દે છે. તેવા બ્રહ્મમુહૂર્તમાં જે વ્યક્તિ જાગૃત ન હોય તેની પાસેથી દેવી-દેવતાઓ શક્તિ આપ્યા વિના નારાજ થઈને ચાલ્યા જાય છે. સૂર્યોદયના પહેલાનો સમય તેમાં સૂર્યદેવ ઉર્જાની વૃષ્ટિ કરે છે. તે સમયે જે વ્યક્તિ જાગૃત હોય વળી તેમાં વિશેષ રૂપે ધ્યાન-ભજન સેવામાં જોડાયેલા હોય તેને વિશેષ ઉર્જાનો લાભ મળે છે. બ્રહ્મમુહૂર્તમાં સૂતેલો વ્યક્તિ દૈવી શક્તિઓથી વંચિત રહી જાય છે. બ્રહ્મમુહૂર્તમાં સૂતેલા વ્યક્તિમાં સકારાત્મક ઉર્જાથી વંચિત બની નકારાત્મક શક્તિનો પ્રવેશ થવા લાગે છે. તેનો પ્રભાવ આચાર-વિચાર પર પણ પડે છે. સુષુપ્તિના સમયે ઈન્દ્રિયો અન્તઃકરણના દેવો નિષ્ક્રિય થતા હોવાથી શરીરના અંગે અંગમાં ઝેર તત્વો જમા થઈ જાય છે. તેનો ઉર્જાના સંચાર વડે આપો આપ નિત્ય મળ, મૂત્ર અને પરસેવા વડે બહાર નીકળી જાય છે. તેમજ બ્રાહ્મમુહૂર્તના સમયે બ્રહ્મરન્ધ્રનું દ્વાર ખુલે છે. તેથી સમસ્ત દૈવી શક્તિઓ સાથે અને ઉપાસ્ય ઈષ્ટદેવની

સાથે કનેકશન આપો આપ સહજ થઈ જાય એટલે તે સમયે જે કોઈ જપ-તપ-ધ્યાન-ભજન કરે તે સુલભતાથી તે ઉપાસ્યદેવો સુધી પહોંચે છે. જેમ યજ્ઞકુંડમાં જે જે દેવોના નામની આહૂતિઓ આપવામાં આવે તે હવિષ્યાન્ન તે તે દેવો પ્રત્યક્ષ અંગીકાર કરે તેમ યજ્ઞકુંડ વિના સમ્પૂર્ણ સત્કર્મ તે તે ઉપાસ્ય પરબ્રહ્મ શક્તિ અંગીકાર કરે છે.

બ્રહ્મમુહૂર્તને 'અમૃતવેળા' તરીકે પણ કહેવામાં આવે છે. રાત્રિ ચાર પ્રહરની હોય છે. રૌદ્ર પ્રહર, રાક્ષસ પ્રહર, ગંધર્વ પ્રહર, મનોહર પ્રહર, ત્રણ ત્રણ કલાકના એક એક પ્રહર હોય છે. સાંજના ૬ થી ૯ નો સમય રૌદ્ર પ્રહર, ૯ થી ૧૨ રાક્ષસ પ્રહર, ૧૨ થી ૩ ગંધર્વ પ્રહર, ૩ થી ૬ મનોહર પ્રહર. આમાં મનોહર પ્રહર ને અતિ પવિત્ર પ્રહર માવનામાં આવે છે. તેમાં પણ આખા દિવસ ૨૪ કલાકમાં માત્ર બે મુહૂર્તના સમયમાં જે બ્રહ્મરન્ધ્રનું મુખ ખૂલે છે. આથી આનું મહત્વ સવિશેષ ગણાય છે.

બ્રહ્મમુહૂર્તના સમયે સૂર્યદેવ પૃથ્વીના ૩૩% રેખાંશ પર પસાર થાય છે તે સમયે સૂર્યશક્તિ પૃથ્વી પર ડાયરેકટ માણસના શરીરને પ્રભાવિત કરે છે. તે સમયે જ માણસની આંતરિક શક્તિની સાથે દિવ્ય તંતુનો સંબંધ થઈ શકે છે. સૂર્યોદય પછીની સૂર્યશક્તિ પૃથ્વી પરના જડ ચેતન પદાર્થોને ઉપયોગી અતિ તીવ્ર પ્રકારની કિરણો ઉત્પન્ન થતી હોવાથી માનવ શરીરની ચેતના તેને સહન કરવા સમર્થ રહેતી નથી. તે તીવ્ર કિરણો વડે પૃથ્વી પરના ઝેરી તત્વોનું સંક્રમણનો નાશ થાય છે. અને અન્ય સૃષ્ટિનું પોષણ થાય છે. માનવ શરીરને માટે તો સૂર્યશક્તિ સૂર્યોદયની પૂર્વ ૯૬ મિનિટનો સમય જ ૨૪ કલાકમાંથી મેળવી શકાય છે. આપણું શરીર જો સત્વગુણ પ્રધાન હશે તો બ્રહ્મમુહૂર્તમાં સ્વતઃનિદ્રા પૂર્ણ થઈ જશે. અને જો રજો-તમો ગુણ પ્રધાન હશે તો બ્રહ્મમુહૂર્તમાં જાગવામાં કષ્ટ થશે. આમ પોતાનો દેહ ક્યા ગુણોથી પ્રભાવિત છે તેનું દર્શન થાય છે.

બ્રહ્મમુહૂર્તના સમયે ચંદ્રગ્રહ તરફથી પૃથ્વી ઉપર અમૃતની વર્ષા થાય છે. તેમજ અન્ય ગ્રહોની દૃષ્ટિ પણ અનુકુળ થાય છે. બ્રહ્મમુહૂર્તના સમયે આસુરી શક્તિ સુષુપ્ત થઈ જાય છે. તથા કોઈ પણ ગ્રહની વક્રદ્રષ્ટિના દોષનો પ્રભાવ થતો નથી.

બ્રહ્મમુહૂર્ત સમયે સ્નાન કરે તેને ''બ્રહ્મસ્નાન'' કહેવાય. તેથી ત્રિદોષ વાત, પિત્ત, કફ જેવા પ્રકોપ શાન્ત થાય છે. બ્રહ્મમુહૂર્તમાં જાગનારાને સૌંદર્ય, લક્ષ્મી, આયુ આદિક પ્રાપ્ત થાય છે. બ્રહ્મમુહૂર્તમાં ખાન-પાન, વ્યર્થવાતો, મોબાઈલ, ટી.વી. વડે જગતની વાતોનો ત્યાગ કરવો. વિશેષમાં શારીરિક-માનસિક વ્યાયામ કરવાથી શક્તિઓનો સંચય કરવામાં વિશેષ લાભ મળે છે.

આ સમયે હવામાં ઓક્સિજનની માત્રા ૪૨% હોય છે. બાકીના સમયે ૨૮% વધુમાં વધુ હોય એટલે શરીરમાનો કાર્બનડાયોકસાઈડ સહેજે સહેજે નીકળી જાય છે.

કેટલાક ઋષિઓના મતાનુંસાર સૂર્યોદયથી પૂર્વની ૪૮ મિનિટ વિષ્ણુકાળ કહેવાય. આ કાળ વિદ્યાર્થીઓને અભ્યાસ અને યાદશક્તિ વધારવા માટે ઉત્તમ ગણાય છે.

આમ, સૂર્ય ઉગ્યાથી પ્રથમ જાગવાના એક નહિ અનેક ફાયદાઓ છે. વળી, આપણા ઈષ્ટદેવની આજ્ઞાનું પાલન થવાથી તેમનો પણ વિશેષ રાજીપો પ્રાપ્ત થાય છે. ''રાત્રે વહેલા જે સૂવે વહેલા ઉઠે વીર બળ બુદ્ધિ ધન બહુ બધે, સુખીયુ રહે શરીર.''



# દીનાનાથ હરિકૃષ્ણનો જય

- શાસ્ત્રી નિર્ગુણદાસ (અમદાવાદ)



॥ अष्टपदी ॥

जय जय दीनानाथ हरिकृष्ण ॥ जय ॥( ध्रुवपद )

वचोमधुवदनदेहिसुखसदन । श्रावयतोऽधहार ।।हरि...१।।

गजगतिगमनं विधविधनमनम् । नौमि मुहुत्वारत्वातितार ।।हरि...२।।

वस मम भवने सदासंपदवने । जनयेशं जितमार ।।हरि...३।।

अशरणशरणे हृदरूचरणे । त्वयि मे भ्रमत्यतिपार ।।हरि...४।।

रूचिराणिधारय वसनानि वारय । कुमति मे वेदधार ।।हरि...५।।

हृतनिजशमलं तवकरकमलम् । शिरसि निधेहि जयकार ।।हरि...६।।

मदनमनोहरमृदुशिशिरोहर । तव मांशाधिनृसार ।।हरि...७।।

कृतमुनिसेवं कविवासुदेवम् । निकटं ते रक्षमोदार ।।हरि...८।।

॥ इति वासुदेवानन्दवर्णिविरचिताष्टपदी ॥

આદિ સદ્‌ગુરૂ નૈષ્ઠિક બ્રહ્મચારી શ્રીવાસુદેવાનંદ વર્ણી પોતાના ઈષ્ટદેવ ભગવાનશ્રીસ્વામિનારાયણની સ્તુતિ પ્રાર્થના કરે છે. અષ્ટપદીમાં ભાવના વ્યક્ત કરવા માટે સુંદર મધુર રાગથી ગાય શકાય તેવા લય બદ્ધ સ્વરોમાં રચના કરી છે. તેના ભાવમય શબ્દગાંભિર્યતાથી ભરેલાં છે તેનો અર્થ સમજવાનો પ્રયત્ન કરવાનો છે.

**જય જય દીનાનાથ હરિકૃષ્ણ જય ! (ધ્રુવપદ)**

**વચોમધુવદનદેહિસુખસદન ।।હરિ..૧।।**

હે હરિકૃષ્ણ નામ ધારી મારા ઈષ્ટદેવપરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ તમારી દીનદયાળુતાનો સર્વત્ર જય જય કાર થઈ રહ્યો છે. તેથી મારા જેવા દીન ઉપર તમો કૃપા કરી તમારા મધુર અમૃતમય વચનો સંભળાવીને તમારા સુખકારક મુખકમળના દર્શન કરાવીને હે પરમસુખના નિધિ અને સ્થાન એવા મને પણ તેમાંથી કંઈક તમારી મૂર્તિનું સુખ આપવાની દયા કરો હે હરિકૃષ્ણ પરમાત્મા તમો તો દીન ઉપર દયા કરવાવાળા છો તેથી જ તમારો સર્વત્ર જય જય કાર થઈ રહ્યો છે. (૧)

**ગજગતિગમન વિઘવિઘનમનમ્ !**
**નૌમિ મહત્વાતિતાર ॥હરિ..૨॥**

જગતના અનન્ત જીવોને પોતાનું સર્વોપરી સ્વરૂપ ઓળખાવીને આત્યંતિક મોક્ષના ભાગી બનાવવા વિચરણ કરો છો ત્યારે તમારી ચાલવાની રીત જાણે કોઇ મદમસ્ત ગજરાજ ચાલ્યો જતો હોય તેવી દઢતા પૂર્વકની નિર્ભય ચાલ જોઇને વિવિધ પ્રકારના લોકો સ્વર્ગના દેવો મનુષ્યો જોનારા સર્વજનો તમારી આ દિવ્ય મૂર્તિને અનેક રીતે નમસ્કાર કરે છે , કોઇ સાષ્ટાંગ દંડવત પ્રણામ કરે છે તો કોઇ બે હાથ જોડીને મસ્તક નમાવીને ઉભા રહે છે. તેમ વારંવાર નમસ્કાર કરીને પ્રાર્થના કરે છે કે હે પ્રભુ અમને આ મહાન દુઃખદાયક સંસારમાંથી જન્મમૃત્યુમાંથી પાર ઉગારીને તારો પાર ઉતારો. હે હરિકૃષ્ણ પરમાત્મા તમો તો દીન ઉપર દયા કરવાવાળા છો તેથી જ તમારો સર્વત્ર જય જય કાર થઇ રહ્યો છે. (૨)

**વસ મમ ભવને સદાસંપદવને**
**જયેશ જિતમાર ॥હરિ..૩॥**

જે પણ જગતના જીવોને તમારો યોગ થાય છે તે સર્વ દીનતાથી પ્રાર્થના કરે છે હે હરિકૃષ્ણ પ્રભુ આપ મારા ભવનમાં ઘરમાં આવીને નિવાસ કરો. મારા હૃદયમાં અન્તઃકરણમાં નિવાસ તમારો થાય તો મારા હૃદયમાં ધર્મ ભક્તિ જ્ઞાન વૈરાગ્યની જે દિવ્ય સંપત્તી છે તેનો વધારો થાય અને તેનું સારી રીતે રક્ષણ પણ થાય તેના કારણે જેને ક્યારેય કોઇ જીતી શક્યું નથી એવા કામ ક્રોધ લોભાદિ મહાશત્રુને જીતી શકાય એવી દયા હે જગતના ઈશ્વર મારા ઉપર કરો . હે હરિકૃષ્ણ પરમાત્મા તમો તો દીન ઉપર દયા કરવાવાળા છો તેથી જ તમારો સર્વત્ર જય જય કાર થઇ રહ્યો છે. (૩)

**અશરણશરણે હૃદરૂચરણે !**
**ત્વયિ મે ભ્રમત્યતિપાર ॥હરિ..૪॥**

જગતમાં જેનું કોઇ નથી એવા નિરાધાર જીવના તમોજ એક માત્ર શરણ સ્થાન છો . જેના હૃદયમાં તમારા ચરણની ભક્તિ છે તમારા ચરણાર્વિન્દને પોતાના હૃદયમાં સ્મરણ કરે છે તેના અન્તરમાં રહેલાં સર્વ પ્રકારના ભ્રમને સંશયને તમોજ દૂર કરીને તેને આ ભયાનક સંસારસાગરથી પાર ઉતારો છો. હે હરિકૃષ્ણ પરમાત્મા તમો તો દીન ઉપર દયા કરવાવાળા છો તે જ તમારો સર્વત્ર જય જય કાર થઇ રહ્યો છે. (૪)

**રૂચિરાણિધારય વસનાનિ વારય**
**કુમતિમે વેદધાર ॥હરિ..૫॥**

દર્શન કરનારા ભક્તોના મનને ગમી જાય તેવા સુન્દર વસ્ત્રો ધારણ કરીને દર્શન આપો છો જે મારા હૃદય મનને ગમી જાય તેવા રૂચીકરનારા છે. મારામાં કે તમારા આશ્રિત જીવમાં રહેલી કોઇ પણ પ્રકારની કુબુદ્ધિ નાસ્તિકપણું અશ્રદ્ધા આદિને જાણીને તેનો નાશ કરીને રક્ષા કરો છો . હે હરિકૃષ્ણ પરમાત્મા તમો તો દીન ઉપર દયા કરવાવાળા છો તેથી જ તમારો સર્વત્ર જય જય કાર થઇ રહ્યો છે. (૫)

**હતનિજશમનં તવકરકમલમ્**
**શિરસિ નિધેહિ જયકાર ॥હરિ..૬॥**

હે હરિકૃષ્ણ પરમાત્મા તમારા આ આશ્રિતના હૃદયમાંથી અન્તઃશત્રુઓ રૂપ જે શલ્ય મોટા મોટા શૂળ જેવા છે તેનો નાશ કરીને તમારા અભયદાન આપનારા કરકમળને મસ્તક ઉપર પધરાવો જેથી તે મહાન ભયંકર શત્રુઓ કામ ક્રોધ લોભ માન મોહ મદ આદિ ઉપર વિજય મેળવી શકાય તે વિના બીજો કોઇ ઉપાય જ નથી. હે હરિકૃષ્ણ પરમાત્મા તમો તો દીન ઉપર દયા કરવાવાળા છો તેથી જ તમારો સર્વત્ર જય જય કાર થઇ રહ્યો છે. (૬)

**મદન મનોહરમૃદુશિશિરોહર !**
**તવ માંશોધિનૃસાર ॥હરિ..૭॥**

તમારી મૂર્તિ એવી સુન્દર છે કે જે દર્શન કરનારાના હૃદયમાંથી કામના મદને દૂર કરે છે અર્થાત કામદેવના અહંકારનો નાશ કરે તેવું અને મનને તેમાં ચોટાડીને રાખે તેવું રૂપ છે. કોમળ તો એવું જાણે શિશિર ઋતુના કોમળ કમળની પાંખડી જેવું રૂપ જેના દર્શનથી અંતરમાંથી શત્રુઓ નાશ પામી જાય છે એવા તમો મારા મનુષ્ય જન્મનો સાર જે આત્યંતિક મોક્ષ મેળવવાનો છે તેને સાધી આપો પૂરો કરી આપો. હે હરિકૃષ્ણ પરમાત્મા તમો તો દીન ઉપર દયા કરવાવાળા છો તેથી જ તમારો સર્વત્ર જય જય કાર થઇ રહ્યો છે. (૭)

**કૃતમુનિસેવં કવિવાસુદેવમ્ !**
**નિકટં તે રક્ષમોદાર ॥હરિ..૮॥**

તમારી આ દિવ્ય મૂર્તિની સેવા મોટા મોટા મુનિઓ સિદ્ધપુરૂષો કરી રહ્યા છે . તે અદ્ભૂત મૂર્તિની સેવાનો અવસર મને પણ આપો અર્થાત વાસુદેવાનન્દ વર્ણીને પણ એવી સેવામાં તમારી પાસે રાખીને રક્ષા કરો . હે હરિકૃષ્ણ પરમાત્મા તમો તો દીન ઉપર દયા કરવાવાળા છો તેથી જ તમારો સર્વત્ર જય જય કાર થઇ રહ્યો છે. (૮)

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃત વચનો

- સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)



**સત્સંગ સેવા સ્મૃતિ મહોત્સવ (શ્રીમદ્ ભાગવત પારાયણ, નૂતન ઉતારા અને શાકોત્સવ) પ્રસંગે, ધોળકા તા. ૫-૧-૨૦૨૦ :** શાકનો જો યોગ્ય રીતે વઘાર કરતા આવડે તો તેની સુગંધ દૂર સુધી વ્યાપી જાય તેમ આપણે બીજે તો ઘણા વઘાર કરતા હોઈએ પરંતુ જીવનમાં જો સાચો વઘાર કરતા ફાવી જાય તો તેની પણ એક અનોખી સુગંધ હોય છે અને એ સુગંધ ખૂબ દૂર સુધી પ્રસરી જતી હોય છે. મોરલી મનોહર દેવના સાનિધ્યમાં આપણે બિરાજમાન છીએ. ઈતિહાસ જાણતા હોઈએ તો દિવ્ય સુખની અનુભૂતિ થાય, કેફ વર્તે, તકલીફ એ છે કે ઈતિહાસમાં રુચિ ઓછી છે. વોટસએપમાં રુચિ વધારે છે. Good Morning...... ને એક બાજુ કરીને મહારાજે કહ્યું છે એ પ્રમાણે ઈતિહાસ, પરંપરાને જાણવી, બીજબળ હોય ત્યારે અહીં બેસાય છે. બાકી **શાક રોટલા તો બધે મળે છે. પરંતુ આ દેવનું સાનિધ્ય બધે મળતું નથી.**

અગાઉં મેં વાત કરી હતી, ફરી કહું છું. **મ્યુઝિયમમાં પ્રસાદીનો પત્ર છે, વાંચજો. મહારાજ અંતર્ધ્યાન થયા બાદ એક વર્ષ પછી ગોપાળાનંદ સ્વામીએ શુકમુનિ પાસે પત્ર લખાવ્યો છે.** આગળ પાછળ નું કહેવું નથી. **પણ તેમાં ઉલ્લેખ છે કે ધોલકે જે મૂર્તિ છે એ તો મહારાજની પ્રસાદીની મૂર્તિ છે. વિહારીલાલજી મહારાજના નિર્ણયમાં મહારાજ અંતર્ધાન થયા તેના અગાઉ ત્રણ વર્ષ પહેલા આ દેવની પ્રતિષ્ઠાનો ઉલ્લેખ છે. વડીલો જાણે છે.** (મોરલી મનોહર દેવની પ્રતિષ્ઠા વિ.સં. ૧૮૮૩ વૈશાખ વદ-૫, તા. ૧૫-૫-૧૮૨૭ અને મહારાજની અંતર્ધાન તિથિ વિ.સં. ૧૮૮૬ જેઠ સુદ-૧૦ તા. ૩૦-૬-૧૮૩૦) લાંબુ પહોળું નથી કરતો પરંતુ આપણને જે મળ્યું છે તેની કિંમત આપણને છે નહિ. જો ખબર પડે તો નંદ સંતોએ કહ્યું ને કે શીદને રહીએ કંગાલ... સંતો.... શીદને રહીએ કંગાલ.... અત્યારે આપણી પાસે મર્સીડિઝ ગાડીઓ છે પણ એ વખતે ફાટેલી તૂટેલી ગોદડી હશે તો હશે... એક પાથરણું હશે તેના પર બેસીને લખાયું છે તેમ છતાં ભગવાન મળ્યાનો કેફ જુઓ. શું ભાળ્યું એ ભગવાનમાં ? દુકાન, મકાન અને ખેતર વાડી બધુ સામ્રાજ્ય છોડીને ભગવાનની સાથે રહ્યા. ભગવાનના ગમતામાં રહ્યા. ભગવાનની અનુવૃત્તિમાં રહ્યા. મહારાજની ભેગા સંતો હોય, હરિભક્તો હોય, પાર્ષદો હોય, મહારાજના પાર્ષદ ભગુજીનું ગામ ક્યાં આવ્યું ખબર છે તમને ? ગયા છો તમે ? લઈ જઈશું તમને રાજસ્થાનમાં ક્યારેક, પરંતુ ખાવાનું કંઈ ઠેકાણું નહિ ! પરંતુ કલ્પના તો કરો, બધું મૂકીને ભગવાનની સેવામાં આવ્યા છે ! મહારાજમાં કંઈક તો જોયું હશેને ! કલ્પના કરી જોજો, નંદ સંતોએ શું ભાળ્યું મહારાજમાં કે દર્શન વિના રહી નહોતા શકતા ? આટલા પ્રશ્નનો ઉત્તર મળી જાય તો કંઠી, ચાંદલા બધું સાર્થક થઈ જાય નહી તો પછી માળઆ થઈ ગઈ, પૂજા થઈ ગઈ... જાન છૂટી... એવું થાય !

આજે ૨૦૨૦ ની સાલ આવી ત્યારે આ આધુનિક યુગમાં કોઈકના માટે જરીક ઘસાવું હોય તો કેટલી વાર વિચાર કરવો પડે ! **જો કે યુગમાં કોઈ ફેર પડતો નથી કારણ કે કાળા માથાના માનવીમાં કંઈ ફેર પડતો નથી.** ત્રેતાયુગમાં ઋષિઓ હવન કરતા તો હવનમાં હાડકા નાંખવા અસુરો આવતા એટલે તો રક્ષા કરવા

ઋષિઓ રામચન્દ્ર ભગવાનને લઈ ગયા હતા. દ્વાપર યુગમાં ઘણું ચાલ્યું તો આજે કળિમાં પણ એ જ ત્રાસ બીજે રીતે જીવંત હોય ! સતયુગ, ત્રેતા, દ્વાપર અને કળિ આ બધી મનની સ્થિતિ છે. મહારાજે વચનામૃતમાં કહ્યું છે કે જીવના હૃદયમાં જ્યારે જેવા ગુણ વર્તતા હોય ત્યારે તેવા યુગની પ્રવૃત્તિ થતી હોય છે. **જ્યારે શુધ્ધ સત્વગુણ વર્તતો હોય ત્યારે તેના હૃદયમાં સત્યયુગની પ્રવૃત્તિ હોય તેમ જ્યારે એકલો તમોગુણ વર્તતો હોય ત્યારે તેના હૈયામાં કળિયુગની પ્રવૃત્તિ હોય તેવી જ રીતે અત્યારનું કહું તો કોઈને દેખાડવા માટે નહિ પરંતુ હૃદયથી તમને મંદિરના પગથિયા ચડવાનું મન થાય તો જાણવું કે એ તમારા માટે પૂનમ છે અને દર્શન કરવા નીકળો ને પાછા પડી જાવ તો જાણવું કે એ તમારા માટે અમાસ છે.** ભેદ આટલો જ છે. બીજો કંઈ નથી. નંદ સંતોએ ભગવાનમાં જે ભાળ્યું તેવી દૃષ્ટિ આપણી થઈ જાય તો ભગવાનને આધીન કે અનુવૃતિમાં રહેવું ન પડે પરંતુ સહેજે સહેજે રહેવાય.

મહારાજે શિક્ષાપત્રી ક્યારે લખી ? સત્સંગમાં આવ્યા એટલે તુરત જ લખી ? તિલક, ચાંદલો, કંઠી ક્યારે આવ્યું ? વિચાર્યું છે ક્યારેય ? વિચાર ન આવે ! કારણ કે આપણે બહુ **Busi** (બિઝી પ્રવૃત) છીએ. ડબલું (મોબાઈલ) શ્વાસ લેવા દે તો ને ? મહારાજ સત્સંગમાં આવ્યા ત્યાર પછી ૨૫ વર્ષે શિક્ષાપત્રી લખાણી. ત્યાં સુધી શું હતું ? શું કરતા હતા ? સત્સંગી નહોતા ? વચનામૃત દ્વિશતાબ્દિ આપણે ઉજવીએ છીએ વચનામૃતમાં પ્રશ્નોતરી છે. મહારાજ કહે, પ્રશ્ન પૂછો, ડાહ્યા ડમરા રોલો પાડી દેવા પૂછવું એવું નહી. મગજ હલાવી દે તેવા અઘરા પ્રશ્ન પૂછો. રાત્રીના સમયે સાધુની જાયગાને વિશે.... એક તો મહારાજ જમાડતા બહુ, નિંદર આવી હોય અને કહે, પ્રશ્ન પૂછો. બહુ અઘરી વસ્તુ છે. બુદ્ધિનો ઉપયોગ કરીએ તો સમજાય. પરંતુ નંદસંતોએ આ જગતનું સુખ જાણીને વગોવ્યું હતું. માનીને નહિ. ઈલેકટ્રીકનું ડબલું હોય અને અંદર આંગળી નાંખીએ તો કરંટ આવે, અનુભવ થયો એટલે એ જાણ્યું કહેવાય. કોઈ કહે ને હા પાડી દઈએ એ માન્યું કહેવાય.

શાકોત્સવમાં બહેનો મોટી સંખ્યામાં રોટલા બનાવતા હોય છે. અછત રાખતા નથી. ઘણાને તો ઘેર રસોયા પણ હશે. વળી હાલમાં તો બે-ત્રણ હજાર સળંગ રોટલી નીકળે તેવા મશીનો પણ છે. તેમ છતાં આ બહેનો ચુલા ઉપર રોટલા બનાવીને ઘીમાં ઝબોળીને આપે છે. શા માટે ? તેઓની ભાવના હોય છે કે અમારા બનાવેલા આ રોટલા ભગવાન અને ભગવાનના ભક્તો જમશે એવા મહિમાથી બનાવેલા આ રોટલા છે. આ સેવા સહેલી નથી છતાં દેહ અને દેહના સંબંધીને માટે જેટલું થાય છે તેવું ભગવાન અને ભગવાનના ભક્ત માટે આજે પણ સેવા થાય છે. **આ સેવા અને સત્સંગ તમે છો એ બીજું શું છે? ભૂતકાળ નથી, વર્તમાન છે. લોકોએ ભૂતકાળ કરી નાંખ્યો છે. આપણી પાસે દંત કથા નથી, પ્રત્યક્ષ ભગવાન છે.** એટલે તો આજે ભેગા થયા છીએ. કેટલા દૂર દૂર દેશના બધા ભેગા થયા છે. આ બાજુ સોની બેઠા છે, ઠક્કર બેઠા છે. નામ આવ્યું એટલે તાળી પાડવા લાગ્યા ! વિભાગ બધા અહીં છે, હકીકતમાં તો તમે બધા ભગાવનના ભક્ત છો. ઉપર ગયા પછી કોઈ સોની પણ નથી અને કોઈ ઠક્કર પણ નથી. ભગવાનના ભક્તનો મહિમા અમને પણ છે. અતિશયોક્તિમાં હું માનતો નથી. પરંતુ જમો ત્યારે અડધું બટકુ રોટલો મોઢામાં મૂકતી વખતે એક વખત ૧૦ સેકન્ડ માટે પણ વિચારવું કે આ સિંહાસનમાં બેઠા છે એ ભગવાનને કારણે મને રોટલો મળે છે. આપણી બુદ્ધિથી મળે તેમ નથી. માણસની ક્ષમતામાં આવે તેટલું બધું ભૂલી જવાય છે. બહેનો ક્યારેક દાળમાં મીઠું ભૂલી જાય આપણે તો માત્ર ફરિયાદ જ કરવાની હોય છે. આપણો વિષય નથી તો ભાઈઓ ક્યારેક તિલક કરીને વચ્ચે ચાંદલો કરવાનું ભૂલી જાય ! આપણે કહીએ છીએ કે, હું આજે આટલા વાગ્યે જાગ્યો. પરંતુ કોઈ જગાડે છે એટલા માટે જગાય છે. શ્વાસ લેવડાવનાર કોઈક છે. જો આપણા હાથની વાત હોત તો રાત્રે શ્વાસ લેવાનું પણ ક્યારેક ભૂલી જાત, અને ત્યારે સવારમાં આપણી આજુબાજુ માણસોનું ટોળું ભેગું થયું હોત અને તેમાં કેટલાક રાજી થતા હોય તો કેટલાક દુઃખી થતા હોત ! આ જીવનની વાસ્તવિકતા છે. ઉંઘ લાવનાર, સવારે જગાડનાર કે ભોજન પચાવનાર ભગવાન છે. શાસ્ત્રનો સાર આ જ છે. માટે થોડી ક્ષણો માટે પણ ભગવાનને મનોમન **Thank you** કહેવું. (દર્શન-પૂજન-સ્મરણ વગેરે પણ આભાર વ્યક્ત કરવાના માધ્યમ છે).

સ્વામીએ નૂતન ઉતારો સરસ બનાવ્યો. કહે, ચાલો ઉપર જોવા. મેં કહ્યુ, ના, થોડા મહિના પછી આવીશ. શા માટે ? તો બનાવનાર તો બનાવી નાંખે છે પરંતુ સાચવનાર કેટલું સાચવે છે ! એ મહત્વનું છે. ઘેર કેમ આપણે ચાદર વ્યવસ્થિત વાળીને તકિયો ગોઠવીને મૂકીએ છીએ ! અહીં પણ આપણે નીકળ્યા પછી બીજો કોઈક ભગવાનનો ભગત આવવાનો છે. આ શિક્ષણની જરૂર છે. આ ધર્મ છે. આપણે તો કોઈક ઘરમાં ધાડુપાડુ ધાડ પાડે ને પછી બધું વેર વિખેર કરીને જતો રહે તેમ બધું

વેર વિખેર હાલમતાં મૂકીને નીકળી જઈએ છીએ. હું મારી મોટાઈ માટે નથી કહેતો પરંતુ અન્યને શીખવા માટે કહું છું કે મારો નિયમ છે કે હું જ્યાં રોકાઉ છું ત્યાં (કમ સે કમ-ઓછામાં ઓછું) જેવું હોય તેવું તો મૂકીને જાઉં છું. હતું તેનાથી સારું કે ચોખ્ખું થાય તો સારું. સ્વચ્છતા અભિયાન તો હવે આવ્યું. મહારાજે આપણને અગાઉથી શીખવાડ્યું છે. અને એ આપણા માટે જ છે. સારું છે કે હવે પીચકારી જેવી ગંદકીનું ધીરે ધીરે ઓછું થઈ ગયું છે.

સંતોની અને તમારા બધાની મહેનત છે. જીવતચર્યા કરીને હાર પહેરીને હજુ પૂરું નથી કરવાનું. કામ કરવાનું ઘણું બાકી છે. અમે મહાદેવજી અને તેની સામે પ્રસાદીની જગ્યાએ જઈ આવ્યા. ઉન્નતિ થશે. સત્સંગનો વિકાસ અને વિસ્તાર થાય તેમાં આપણું ગૌરવ છે. એક એક હરિભક્ત અને સંતમાં મહારાજે કેટલી સામર્થી મૂકી છે. તો પણ કેટલાક ભક્તો આવીને અમને કહેતા હોય છે કે અમારાથી ન થાય, સંતો ગામડે આવતા નથી. તો તમને શું વાંચતા નથી આવડતું ? **આપણે આપણા આચરણથી બે માણસોને સત્સંગી કેમ ન કરી શકીએ ? ધન્ય છે આ બહેનોને કે ૮૦% મંદિરો તેઓના કારણે થયા છે. જ્યાં ગયા ત્યાં બહેનો સત્સંગ લઈને ગયા છે. હકીકત છે કે નહિ ?** બોલો ભાઈઓ, ધક્કો માર્યો છે કે નહિ તમને ? સભા છે, તૈયાર થઈ જજો. બહેનોએ માત્ર રોટલા ટીપ્યા નથી, સંસ્કારો પરોવ્યા છે એટલે તો મંદિરના પગથિયા ચડાય છે. બહુ મોટું યોગદાન છે તેઓનું. ઈડરના મંદિરનો ઈતિહાસ જુઓ કે મૂળી મંદિરનો ઈતિહાસ વાંચો મૂળી માટે ભલે રામાભાઈ રાજાનું નામ લખાય પરંતુ છેડો બીજે ક્યાંક અડતો હોય છે.

**આપણી પરંપરા, સંસ્કાર અને ધરોહર જળવાય રહે એ જ આપણી સાચી મૂડી છે. આ પરંપરા કોઈની પાસે નથી. આ મંદિરો અને આ મૂર્તિઓ કોઈની પાસે નથી. બીજી કચરા પટ્ટીમાં પડવું નથી.** જેઓ મૂળ પરંપરાથી વિખૂટા પડ્યા હોય ત્યાં બધું સાચું-ખોટું ચાલતું હોય. કંઈક થોડું મળ્યું હોય તો ખરીદીને મળ્યું હોય પરંતુ કહેવત છે ને કે ફરી ફરીને સરવાળે પાછો.... તેની કથા વાસુદેવ સ્વામી કરશે. પણ છૂટકો છે ભગવાન વિના ? **હે માડી કે હે બાપ ! એવું થાય ત્યારે ભગવાન આગળ માથું ટેકવ્યા વિના છૂટકો નથી. મારો આશ્રિત અન્ન, ધન, વસ્ત્ર અને આબરુંથી ક્યારેય દુઃખી થશે નહિ.** ૧૫-૧૭ વર્ષનું બાળક થાય ત્યારે તેના મા-બાપ પણ ગેરંટી લેતા નથી શીખો હવે, ટીચાઓ, હેઠા પડો જે કરો તે, અમે તમને મોટા કરી દીધા. વિમા વાળા પણ અમૂક ઉંમર પછી વિમો ઉતારતા નથી. અને ચાલુ હોય તો આટલા વખતના જ હપ્તા. પછી નહી ! **જ્યારે મહારાજ કહે, તમારો આ દેહ રહે ત્યાં સુધી તમે સુખી અને ત્યાર પછી મારું ધામ ! બોલો ! આવી ગેરંટી આપવાની છે કોઈના બાપની તાકાત ? આપણા બાપની તાકાત છે. માટે ગર્વ રાખવું, ગુમાનમાં રહેવું, કાયર ન થવું, કંગાલ ન થવું, બળમાં રહેવું, ખીસાનું બળ નહી, ખીસા તો ભલભલાના ખાલી થઈ જાય છે, ભગવાનનું બળ રાખવું અને તમે રાખ્યું છે.** એટલી જ વિનંતી છે કે હંમેશ જ્યારે શક્ય હોય ત્યારે આ દેવના દર્શન કરજો. ત્રણ કલાક માળાનું નથી કહેતો પરંતુ બે મિનિટ આભાર વ્યક્ત કરવા આવજો કારણ કે એના થકી જ આપણું ચાલે છે. આપણે પગથિયા ચડ્યા હઈશું તો બાળકો પગથિયા ચડશે. આ ભગવાન આપણા છે. **આ દેવની નિષ્ઠા ક્યારેય મોળી પડવા ન દેવી. કોઈ એમ કહે કે પહેલા જેવું હવે નથી. ત્યારે જાણવું કે તેમા કળિયુગ પેઠો. હા, પહેલા જેવું તારામાં નથી રહ્યું, અમારામાં તો છે. બધુ છે. કોઈ વસ્તુની અછત નથી. ખુમારી રાખવી, મર્દાનગી રાખવી, દેવનું જે બળ રાખે એ ક્યારેય પાંગળો કે ભિખારી નથી હોતો. દેવના બળ વિના તો ઘણા અબજો રૂપિયાના આસામી હોય તો પણ ભિખારી હોય છે.**

તમે સૌએ ખૂબ દેવના દર્શન કર્યા, સેવા કરી, પાછળનું પ્રાંગણ સરસ થઈ ગયું. ઉતારા કર્યા, સત્ય સંકલ્પ સ્વામીએ મહેનત કરી. ઘણું કરવાનું છે, થશે. ભગવાન ભેળા હોય પછી શું ન થાય ? આ દેવ તમારા છે. આપણા છે. સત્સંગ માટે ઘસાઈને સુવાસ મૂકીને જવાનું છે. **તમે બધા ચંદન છો. ચંદનના ઝાડ બાવળની જેમ ન ઉગે. બાવળનું ક્યાંય વાવેતર ન કરવું પડે. ઝાલાવાડમાં જાઓ, ભાલમાં જાઓ. કેટલા બાવળ ઉભેલા જોવા મળે ! કોઈએ ઉગાડેલા ? ચંદન ઉગે ? ઉગાડી જોજો. ચંદનની સુવાસ હોય છે.** હું ઉપદેશ કે ભાષણમાં માનતો નથી પરંતુ ધરોહર સંતાનોને આપીશું તો બચીને રહીશું. **દેવના થઈને રહેજો, દેવના થવામાં જ મઝા છે. શીદને ભટકો છો ? નંદ સંતોના આ શબ્દો છે.** તમને ખપ છે, કંઈક તો તમે ભાળ્યું છે એટલે તો તમે સૌ અહીં આવીને ક્યારના તપ કરો છો, નહીં તો રોટલા તો ઘેર પણ મળે છે. આટલું કહી ગામો ગામથી પધારેલા સર્વે ભક્તજનોને પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

# વચનામૃત એટલે શ્રીહરિના વચનોરૂપી અમૃતનો સાગર

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

સર્વાવતારી સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને આ પૃથ્વી પર પધારી જીવાત્માના કલ્યાણ માટે અનેક ઉપાયો કર્યા, અનેક સુવિધાઓ કરી આપી. શ્રીહરિની મૂર્તિ કે શ્રીહરિના સ્વરૂપોનું દર્શન પરમ કલ્યાણકારી છે. શ્રીહરિના ચરણોથી અંકિત થયેલી ભૂમિ, શ્રીહરિના ચરણોને સ્પર્શેલ રજ, શ્રીહરિએ સ્નાન કરેલ નદી, તળાવ કે કૂવા, શ્રીહરિએ સ્પર્શ કરેલ વસ્તુઓ જેમ જીવાત્મા માટે પરમ કલ્યાણકારી છે તેવી જ રીતે **શ્રીહરિના મુખ કમળમાંથી નીકળેલ પ્રસાદીભૂત અમૃત વચનો જીવાત્મા માટે પરમ કલ્યાણકારી છે.** જેમ ૨૭૩ નદીઓનું જળ એક જગ્યાએ ભેગું મળે તો સાગરમાં પરિવર્તન થઈ જાય તેમ ૨૭૩ સભામાં ઉચ્ચારાયેલા શ્રીહરિના મુખકમળના વચનોનો સમૂહ, ૫ નંદ સંતો દ્વારા થયેલું સંકલન એટલે **શ્રીહરિના વચનોરૂપી અમૃતનો સાગર.** જેમ શ્રીકૃષ્ણ ઉપાસીને ''ભગવદ્ ગીતા''એ શ્રીકૃષ્ણનું સ્વરૂપ છે. એમ શ્રીહરિના ઉપાસકને ''વચનામૃત'' અને ''શિક્ષાપત્રી'' એ શ્રીહરિના જ સ્વરૂપ છે. **જેમ અમૃતનું પાન કરવાથી માણસ અમર બની જાય તેમ વચનામૃતનું પાન કરવાથી માણસ જન્મ મરણથી રહિત થઈને આત્યંતિક કલ્યાણને પામી જાય છે. કારણ કે સર્વ અવતારના જે અવતારી એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનના મુખ કમળના આ અમૃત વચનો છે. ચાર વેદો સહિત સર્વે શાસ્ત્રોનો સાર એટલે વચનામૃત. ઓરડામાં અંધારુ હોય પરંતુ સૂર્ય ઉદય થયા પછી બારી ખોલીએ તો ઓરડામાંથી અંધારુ વિદાય લઈ લે અને અજવાળું થઈ જાય તેમ માણસના અંતઃકરણમાં અજ્ઞાનરૂપી અંધારુ પડ્યું હોય પરંતુ વચનામૃતના પાના ખોલીને વચનામૃતનું પાન કરે તો અજ્ઞાનરૂપી અંધારુ ત્વરિત નાશ પામી જાય છે. અને જ્ઞાનરૂપી પ્રકાશનો જીવનમાં ઉજાશ રેલાય જાય છે. શ્રીહરિના વચનો એટલે પૂર્ણ વિરામ, વચનામૃતનું જે સંતો-ભક્તોને જ્ઞાન હોય તેઓને શાસ્ત્રાર્થમાં અન્ય કોઈ વ્યક્તિઓ જીતી શકે નહિ.**

વચનામૃતમાં શું નથી ? યા ને બધું જ છે અને એ પણ દાખલા દ્રષ્ટાંત સાથે એકદમ સરળ ભાષામાં. હા, અમૂક ગહન વચનામૃતો વિદ્વાન સંતોના મુખેથી સમજવા પડે નહી તો આંખે આંજવાનું કાજળ હોય અને એ ગાલે ઘસીએ તો મોઢુ કાળુ થાય. ઘણા તો શ્રીહરિ સ્થાપિત મૂળ સંપ્રદાયથી જૂદી મનઘડતં કલ્પિત પરંપરા કે પ્રણાલિકા ચલાવવા માટે વચનામૃતના શબ્દોના અર્થના અનર્થ કરીને ભોળા લોકોને પીવડાવી દઈને મોક્ષમાર્ગમાંથી પાડવાનું કામ કરતા હોય છે. દા.ત. સૌથી પહેલું વચનામૃત (ગ.પ્ર.પ્ર.૧) ખોલીએ. તેમાં મુક્તાનંદ સ્વામીનો પ્રશ્ન અને તેનો શ્રીજી મહારાજે કરેલો ઉત્તર બહુ સ્પષ્ટ અને સરળ છે કે **ધર્મકુળને આશ્રિત એવો જે ભગવાનનો ભક્ત છે તે દેહાંતે ભગવાનની ઈચ્છાએ કરીને બ્રહ્મમય દેહને પામે છે.** અહીં ધર્મકુળનો અર્થ બહુ સ્પષ્ટ છે કે શ્રીહરિએ પોતાના પિતા ધર્મદેવના કુળમાં ત્યાગી ગૃહી સર્વેના ગુરુપદે આચાર્યપદ સ્થાપન કરેલું છે તે આચાર્ય થકી દીક્ષા લઈને તેઓની આજ્ઞા-અનુવૃત્તિમાં રહીને ભજન ભક્તિ કે સત્સંગની પ્રવૃત્તિ કરવી તેને ધર્મકુળને આશ્રિત થયો કહેવાય. ગુરુ પરંપરા જાણવાની વાત શ્રીહરિએ શ્રી વડતાલના ૧૮ માં વચનામૃતમાં પણ કરી છે. તેમ છતાં જુદો ચોકો ચલાવવો હોય તેઓ એવું કહેશે કે ધર્મકુળ એટલે ધર્મના નિયમો કે ધર્મ પાળે તે ધર્મકુળ કે ધર્મવંશી. અને હકીકતમાં આ ખોટી વ્યાખ્યામાં પણ તેઓ તો ખોટા જ ઠરે છે. કારણ કે ધર્મ ધર્મ તો સહુ કોઈ કહે, પણ ધર્મમાં બહુ મર્મ છે. ધર્મસુતના વચન એ જ પરમધર્મ છે. ધર્મસુત એટલે ધર્મદેવના પુત્ર શ્રી સહજાનંદ સ્વામીએ શિક્ષાપત્રીમાં લખેલા વિધિ અને નિષેધ. આમ કરવું અને આમ ન કરવું. હવે મનન કરીએ તો ખ્યાલ આવશે કે મૂળ સંપ્રદાયથી જૂદી પડેલી કોઈ પણ બ્રાન્ચ શિક્ષાપત્રીની મર્યાદામાં વર્તતી નથી. કારણ કે શિક્ષાપત્રી લઈએ કે સત્સંગિજીવન લઈએ દરેક સાંપ્રદાયિક શાસ્ત્રમાં ગુરુપદે તો ધર્મવંશી આચાર્યશ્રી આવશે જ ! તેવી જ રીતે બહેનોના ગુરુ પદે આચાર્યશ્રીના પત્નિ પ.પૂ.લ.સ્વ. ગાદીવાળાશ્રી આવશે જ !

**વચનામૃત એક એવો ગ્રંથ છે કે જેમાં ભગવાનનું સ્વરૂપ, ભગવાનનું ધામ, ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યના લક્ષણ, જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મનું અન્વય વ્યતિરેકપણું, ભગવાનનું સાકારપણું, ભગવાનનું માહાત્મય, કર્તાપણું, અકર્તાપણું, સર્વોપરીપણું, પ્રગટપણું, સંતોનો મહિમા, તથા સંતના લક્ષણ, ભગવાનનું ધ્યાન કરવાની રીત,**

**આત્મનિષ્ઠા, ભગવાન પ્રત્યેની સ્વરૂપ નિષ્ઠાનું બળ, ઉપાસના, સમાધિ, સત્સંગ, કુસંગ, એકાંતિક ભક્તના લક્ષણ, નિશ્ચય, સમાધિ, ભગવાનની માનસી પૂજા તેમજ એકાદશી આદિક વ્રત કરવાની સાચી રીત, પુરુષ પ્રયત્ન ને ભગવદ્ કૃપા, મુક્તના ભેદ, મોહનું સ્વરૂપ, ભગવાન તથા ભગવાનના ભક્તની સેવાનું ફળ, દ્રોહનું ફળ, સત્પુરુષની કૃપા તથા કોપનું ફળ, શ્રીહરિનું સર્વાવતારીપણું સમજવાની રીત, શ્રીહરિની અખંડ સ્મૃતિ રાખવાનું ફળ, સત્સંગની મહત્તા, સ્વભાવ તથા વાસના, ભગવાનની મૂર્તિનું સુખ, યુક્ત આહાર-વિહાર તથા ખગોળ-ભૂગોળ એમ સર્વ બાબત પ્રશ્નોતરીના રૂપમાં વણી લેવામાં આવી છે.**

આ વચનામૃત ગ્રંથ એ શ્રીહરિનું સ્વરૂપ હોવાથી તેની સંખ્યામાં કોઈ ફેરફાર કરે, શબ્દોમાં કે વચનરૂપી વાક્યોમાં કોઈ ફેરફાર કરે તે સર્વેને મૂર્તિ ખંડન કર્યાનો દોષ લાગે છે. વળી ખંડિત મૂર્તિ પૂજામાં ન રખાય તેવો શાસ્ત્રનો નિયમ છે. ખંડિત મૂર્તિને પૂજવાથી અનર્થ થાય છે. એવું વિધાન છે તેથી શ્રીહરિ સમકાલીન વચનામૃતની મૂળ પ્રતથી ફેરફાર કરીને જૂદું પ્રકાશન કરવું તે મૂર્તિને ખંડિત કર્યા જેવું ગણાય. શાસ્ત્રના નિયમ પ્રમાણે ઉત્કૃષ્ટ વસ્તુનું ગ્રહણ કરવું. શ્રીહરિના મુખેથી નીકળેલા વચનો અને વળી જ્યારે તેનું સંપાદન-સંકલન કરવા માટે સ્વયં શ્રીહરિએ જ્યારે પાંચ મોટેરા નંદ સંતોની નિયુક્તિ કરી હોય તેવા જે વચનામૃતો તે હંમેશા અમૃતથી જ ભરેલા હોય તેને ક્યારેય વચનવિષ ગણીને મૂળ પ્રતમાંથી કાઢી ન શકાય. વળી વચનામૃતોના સંગ્રહકર્તા પાંચ સદ્‌ગુરુઓ પૈકી સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીનું નામ પણ કોઈનાથી કાઢી ન શકાય. બ્રહ્માનંદ સ્વામીનું નામ વચનામૃતની જૂની પ્રતોમાં છે જ. શાસ્ત્રમાં અને લોકમાં એવી પ્રસિદ્ધિ છે કે પાંચ વ્યક્તિના સમૂહને જ પંચ કહેવામાં આવે છે. અને તેને જ સભા, પરિષદ વગેરે શબ્દોથી કહેલ છે. કોઈપણ વાત કે નિર્ણય કરવાનો હોય ત્યારે પાંચ વ્યક્તિઓના જ નામ દેવાય છે. તો શ્રીજી મહારાજે પણ પોતાના વચનોનો સંગ્રહ તેમ જ તારવણી કરવા માટે પાંચ સંતોને જ નીમ્યા હોય ન કે ચાર. આવા અગ્રગણ્ય વિદ્વાન પાંચ સંતોમાં બ્રહ્માનંદ સ્વામી પણ અવશય હોય જ તેમાં પણ બે મત નહી.

मुक्तानंदोऽथ गोपालानंदो मुनिरुदारधीः ।
ब्रह्मानंदमुनि नित्यानंदः शुकमुनिस्तथा ॥
तैः पञ्चभिः सुसंगत्य श्रीहर्युक्तिः सुदोदधिः ।
लिखितः शोधितश्चापि यथा बुद्धिर्यथा श्रुतम् ॥

એટલે સંગ્રહ કર્તામાંથી સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીનું નામ રદ કરી દેવું એ પણ એક અજ્ઞાન જ છે અને શ્રીહરિની મરજીથી વિરૂધ્ધનું જ ગણાય તેથી દોષરૂપ થાય છે.

વચનામૃતમાં જીવાત્માના આત્યંતિક કલ્યાણ માટેનું બધું જ છે. તેમાં એક બાબત એવી મહત્વની છે કે તે સમજવામાં જો ખામી રહી જાય તો કલ્યાણમાં પણ તેટલી કાચપ રહે. તે બાબત એ છે કે **શ્રીહરિએ સર્વ પ્રથમ સ્વહસ્તે પધરાવેલ શ્રી નરનારાયણદેવ એ સ્વયં શ્રીહરિ પોતે જ છે અને બન્નેમાં લેશમાત્ર ભેદ નથી. આ વાત જો વચનામૃતમાંથી ન સમજાય તો ઈ.સ. ૨૦૦૪ માં પ.પૂ. મોટા મહારાજશ્રીએ સ્વહસ્તે લખેલી પુસ્તિકા "વચનામૃતમાં શ્રી નરનારાયણદેવ" તેનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરવાથી પ્રતીતિ થશે અને તેનાથી સમજણની ખોટ ટળશે.**

મીઠા જળનો સમુદ્ર ભર્યો હોય પછી તેમાંથી જે પશુ પક્ષી કે માણસની જેટલી ક્ષમતા હોય તેટલું પાણી પીઈ શકે છે અને તેટલું તેનામાં બળ આવે છે તો પણ સાગર તો અગાધ જ રહે છે, તેમાંથી પાણી લેશમાત્ર ઓછું થતું નથી તેવી રીતે પ્રગટ પુરુષોત્તમ નારાયણ ભગવાનની આ વાણી રૂપી અમૃતનું પાન આપણી ક્ષમતા પ્રમાણે આપણે કરીએ અને તેટલું આપણા જીવમાં બળ આવે છે તેમ છતાં વચનામૃત તો અગાધ જ રહે છે. અમદાવાદ અને વડતાલ એમ બન્ને દેશમાં વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવના માધ્યમથી હજારો મુમુક્ષુઓનું શ્રેય થયું. ભવિષ્યમાં પણ સદાય માટે શ્રીહરિની આ અમૃતવાણી દુનિયા ભરમાં લાખો-કરોડો ધાર્મિક જનો સુધી પહોંચતી રહે અને એ રીતે સૌનું મંગળ થાય એવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના. કોઈ એક મોટા દેશના વડાપ્રધાન કે પ્રમુખની વાણી સાંભળવા માટે પણ લોકો કેટલા આતુર હોય છે તો વચનામૃત એટલે તો અનંત કોટિ બ્રહ્માંડોના અધિપતિ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરાવાણી એટલે તેની મહત્તાનો આપણાથી પાર પામી શકાય નહિ. એ અમૃતવચનો આપણા સૌના જીવનમાં પ્રકાશ પાથરે એવી શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના.

# શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દ્વારા વચનામૃત મહોત્સવ (૨૭૩) ભવ્યતાથી ઉજવાયો

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પરાવાણીરૂપ વચનામૃત ગ્રંથને ૨૦૦ વર્ષ પૂર્ણ થતા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણા, માર્ગદર્શન અને તેઓશ્રીના જ અધ્યક્ષ સ્થાને શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરના આયોજનથી શ્રી નરનારાયણ નગર (પારસનગર, ભૂયંગદેવ)ના વિશાળ ગ્રાઉન્ડમાં સમગ્ર ધર્મકુળ પરિવારના સાનિધ્યમાં અમદાવાદના વચનામૃતની તિથિને અનુલક્ષીને તા. ૨૩-૨-૨૦ થી ૨૬-૨-૨૦ સુધી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ અદ્વિતિય રીતે ખૂબ ભવ્યતાથી ઉજવાયો.

પ્રથમ દિવસે સાંજના ૭-૦૦ થી ૮-૩૦ સુધી નિજ મંદિરમાં જ્યાં શ્રીહરિ વચનામૃત બોલેલા તે પ્રસાદીની વેદિકા પર પ્રસાદીનો વચનામૃત ગ્રંથ પધરાવીને તેનું પૂજન, લેસર શો, લાઈટ અને સાઉન્ડ શો, આતશબાજી તથા સમૂહ આરતી કરવામાં આવી હતી. આ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રી દ્વારા તૈયાર કરવામાં આવેલ ‘‘સીખ’’ નામની એક સિરિયલ ટ્રેલર કે જેમાં શિક્ષાપત્રી, સત્સંગિજીવન આદિક શાસ્ત્રોમાં ઉપદેશાયેલ બોધને વર્તમાન કાળે સુસંગતતા સાધીને જીવન જીવવાનો એક રાહ બતાવેલ છે. તેનું LED ના માધ્યમથી લોન્ચ કરવામાં આવ્યું હતું. સાથે સાથે વિદ્યાર્થી સંતો-ભક્તો દ્વારા ઉચ્ચારાયેલા વચનામૃત અંગેના મંતવ્યો સૌને LED ના માધ્યમથી સાંભળવાનો લાભ પ્રાપ્ત થયો હતો.

બીજા, ત્રીજા અને ચોથા દિવસે સાંજના ૪-૦૦ થી ૭-૦૦ કલાક સુધી પ્રારંભમાં વચનામૃતમાં ઉલ્લેખાયેલ કીર્તનોના ગાન દ્વારા કીર્તન ભક્તિ અને ત્યાર પછી અમદાવાદ, જેતલપુર, મૂળી, ધોળકા, દંઢાવ્ય એમ દરેક પ્રાંતના વિદ્વાન સંતો-હરિભક્તોને એક સરખી તક આપી ૧૫ મિનિટની સમય મર્યાદામાં જુદા જુદા વચનામૃત પર વિવેચન દ્વારા વ્યાખ્યાનમાળા યોજવામાં આવી હતી. સાથે સાથે ભૂજ, ગઢડા વગેરે દૂર દેશોમાંથી પધારેલ વિદ્વાન બ્રહ્મનિષ્ઠ સંતો-મહંતોની પ્રાસંગિક ઉદ્‌બોધનરૂપ અમૃતવાણીને ગૂંથી લેવામાં આવી હતી. આ પ્રસંગે ધામો ધામથી સાંખ્યયોગી માતાઓ પણ મોટી સંખ્યામાં પધાર્યા હતા.

દ્વિતીય દિવસે વિશેષમાં પ.પૂ. મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીની સાથે મુખ્ય યજમાનો અને વડીલ સંતો દ્વારા ૨,૨૨,૨૨૨ જેટલા વસંત ઋતુમાં ખીલેલા તાજા સુગંધીમાન કોમળ તુલસીપત્રોથી પ્રસાદીભુત વચનામૃત ગ્રંથનું વેદમંત્રોના ગાન સાથે પૂજન કરવામાં આવ્યું હતું. તથા ૫૧ જેટલા વિદ્વાન ભૂદેવ સારસ્વત પંડિતોનું સન્માન કરવામાં આવ્યું હતું. રાત્રે જાણીતા કલાકાર શ્રી ખીમજી ભરવાડ તથા નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કલા રસિક શ્રી સર્વમ પટેલે રેત ચિત્રકલાનું અદ્‌ભુત દર્શન કરાવીને સૌને રાજી કર્યા હતા.

તૃતિય દિવસે બપોરે ૧૨-૩૦ થી ૩-૧૫ કલાક પર્યંત વચનામૃત સમૂહ મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦૮ યજમાનોએ સજોડે બેસીને પૂજન કરીને જીવન ધન્ય બનાવ્યું હતું. આ દિવસે ઈષ્ટદેવ શ્રીહરિ તથા આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીની સાથે વચનામૃત સંગ્રહકર્તા પાંચ નંદ સંતોનું પુષ્પમાળાઓ સાથે ભાવપૂજન કરવામાં આવ્યું

શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે
લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ
magazine@swaminarayan.in

મોબાઈલથી પાડેલા ફોટા છપાશે નહિ

હતું. રાષ્ટ્ર પ્રેમના ભાગરૂપે ૨૦૦ જેટલા **CRPF** તથા **RAF (Rapid Action Force)** ના જવાનોનું સન્માન કરી સૌએ ભેગા મળી રાષ્ટ્રગીતનું ગાન કર્યું હતું. જવાનોની સાથે પધારેલ શ્રી જાદવ સાહેબ (આઈ.જી.) અને પ.પૂ. મહારાજશ્રીએ અન્યોન્ય સ્મૃતિ ભેટ અર્પણ કરીને પરસ્પર અભિવાદન કર્યું હતું. શ્રી જાદવ સાહેબે પુલવામાં આતંકી હુમલામાં શહીદ થયેલા ભારત માતાના સપુતોના કુટુંબ સાથે રાહત ફંડમાં તે સમયે કાલુપુર મંદિર દ્વારા પ.પૂ. મહારાજશ્રીના હસ્તે અર્પણ થયેલ રૂા. ૧૭,૦૦,૦૦૦/- ના અનુદાનને યાદ કરીને કહ્યું હતું કે સમાજની આવી હુંફથી અમારા જવાનોની શક્તિ બેવડાઈ જતી હોય છે. પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી તેઓશ્રીના અને પૂ. શ્રીરાજાના શુભ સાનિધ્યમાં રાત્રે મહિલા મંડળ દ્વારા સંસ્કારોના સિંચનરૂપ સાંસ્કૃતિક કાર્યક્રમ થયો હતો.

ચતુર્થ દિવસે સવારમાં શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના હસ્તે શ્રી નરનારાયણાદિક દેવોનો મહાભિષેક અને અન્નકૂટ આરતી થઈ હતી. હજારોની સંખ્યામાં ભક્તજનો દર્શન કરી ધન્ય બન્યા હતા. પાટોત્સવના યજમાન પ.ભ. શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર પરિવારે ધર્મકુળનું પૂજન-અર્ચન કરી ધર્મકુળના હસ્તે સન્માનિત થયા હતા. બપોર પછી, શહેરને સ્વચ્છ રાખવામાં જેઓનું મોટું યોગદાન હોય છે તેવા અમદાવાદ મ્યુ. કોર્પો. ના ૨૫૦ જેટલા સંનિષ્ઠ સફાઈ કામદારોનું સન્માન કરવામાં આવ્યું હતું. સાથે સાથે ભોજનપ્રસાદ તો ખરો જ ! શિક્ષાપત્રીના સ્વચ્છતા અંગેના શ્લોકને ઉજાગર કરતી આ એક નવી જ શરૂઆત છે. મહોત્સવના મુખ્ય યજમાનો અ.નિ. પ્રહલાદભાઈ પુંજાભાઈ પટેલ પરિવાર, પ.ભ. શ્રી તુષારભાઈ દશરથભાઈ પટેલ પરિવાર તથા અન્ય સેવાના યશસ્વી યજમાનશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. મહોત્સવની સ્મૃતિરૂપે દરેક યજમાનશ્રીઓને વચનામૃત ગ્રંથ ભેટ આપવામાં આવ્યો હતો. સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)એ ખૂબ સુંદર રીતે સભા સંચાલન કર્યું હતું. ચારેય દિવસો દરમિયાન દરેક ભક્તજનો માટે મિષ્ટાન્ન સાથેની ભોજન પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. પ.પૂ. મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી સહિત ૧૦૯ રક્તદાતાઓએ **GCRI (Gujarat Canser Research Institute)** ના દર્દીઓ માટે લોહીનું દાન કરી માનવ સેવાનો એક ઉત્તમ આદર્શ પૂરો પાડ્યો હતો. સમયોચિત ધર્મકુળ પરિવારે સભામાં શુભાશિર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર મહોત્સવનું લક્ષ્ય ટી.વી. ચેનલના માધ્યમથી લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું.

પ.પૂ. લાલજી મહારાજશ્રીની આગવી સૂજથી, સંતો, મહંતોના સહયોગથી તેમજ નિષ્ઠાવાન યુવાનોના અથાગ પરિશ્રમથી ફક્ત એક જ મહિનાની તૈયારીથી મહોત્સવ **Short & Sweet** (ટૂંકો અને મીઠો) તેમ છતાં ખૂબ મોટો, અદ્વિતીય અને અવિસ્મરણીય બની રહ્યો. સ્વયંસેવકો પર રાજીપો અને શુભાશીર્વાદ વરસાવવા પ.પૂ. લાલજી મહારાજશ્રીએ મ્યુઝિયમમાં સ્નેહ મિલન યોજી યુવાનો અને સમિતિઓના સભ્યોને બિરદાવ્યા હતા.

**શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર કોઠાર ઓફિસ**
**થાળ - ભેટ - રસોઈ તથા અન્ય માહિતી માટે**
**Mo. No. : 82380 01666**
**WhatSapp No. : 99099 67104**

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ





"વચનામૃત" એટલે આત્મા અને પરમાત્મા વચ્ચેનો સંવાદ "વચનામૃત"એટલે જીવ, ઈશ્વર અને માયા ને સમજવાની ચાવી, "વચનામૃત" એટલે જીવન જીવવા માટેનું પથદર્શક, "વચનામૃત" એટલે અભણ માણસ માટે સહેલું અને જ્ઞાની માટે સમજવું અઘરૂં. શ્રીજી મહારાજે અમદાવાદ, જેતલપુર, અસલાલી, વડતાલ, ગઢપુર, લોયા, કારીયાણી, પંચાળા અને સાળંગપુર ધામોમાં સંતો - હરિભક્તો સાથે પ્રશ્નોત્તરી કરી અને તેને આપણા પાંચ નંદ સંતોએ સંકલિત કરી આપણને ૨૭૩ અમૃત રૂપી વચનામૃત ભેટ ધર્યા. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં હોલ નં. ૨ માં આ વચનામૃતની મૂળ હસ્તલિખિત પ્રતના દર્શન થાય છે અને સાથે સાથે વચનામૃતની સભાનો ડાયોરામા પણ બનાવેલ છે. આવા દિવ્ય વચનામૃતના ૨૦૦ વર્ષનો ઉત્સવ હાલમાંજ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દ્વારા ભવ્યતાથી ઉજવાઈ ગયો.

- પ્રફુલ ખરસાણી

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી ફેબ્રુઆરી-૨૦૨૦

| | |
|---|---|
| તા. ૦૨-૦૨-૨૦ | શ્રી સ્વામિનારાયણ મંદિર વણઝર (નવા) મૂર્તિ પ્રતિષ્ઠા નિમિત્તે - હસ્તે પુરાણી સ્વામી ધ્યાનપ્રિયદાસજી - સત્સંગ સમાજ |
| તા. ૦૬-૦૨-૨૦ | જયંતીભાઈ લાલજીભાઈ પટેલ - મેમનગર |
| તા. ૦૯-૦૨-૨૦ | (સવારે) રમેશભાઈ રામજીભાઈ પટેલ - ઉંઝાવાળા હાલ યુ.એસ.એ. |
| તા. ૦૯-૦૨-૨૦ | (સાંજે) સંગીતાબેન પરેશભાઈ પટેલ - કુંડાળવાળા |
| તા. ૧૬-૦૨-૨૦ | શોભનાબેન અમિતભાઈ - યુ.એસ.એ. |
| તા. ૨૬-૦૨-૨૦ | જનકભાઈ ગોકળદાસ પટેલ - સેટેલાઈટ (લવારપુરવાળા)<br>શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ૯ માં વાર્ષિક દિન નિમિત્તે - હસ્તે નીતાબેન પટેલ તથા પાર્થ પટેલ |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ ફેબ્રુઆરી-૨૦૨૦

| | |
|---|---|
| રૂા. ૫,૦૦૦/- | શિવમ અને રાધાના લગ્ન પ્રસંગે તા. ૧૪-૨-૨૦ - હસ્તે પ્રવિણભાઈ ઠાકર - અમદાવાદ |
| રૂા. ૫,૦૦૦/- | અ.સૌ. લીલાબેન પ્રહલાદભાઈ પટેલ - યુ.એસ.એ. - શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના નવમા વાર્ષિક દિન નિમિત્તે |
| રૂા. ૫,૧૨૧/- | અ.નિ. મણીલાલ લક્ષ્મીચંદ ભાલજા સાહેબના સ્મરણાર્થે વાર્ષિક તિથિ નિમિત્તે - હસ્તે પ્રબોધ આરીવાલા તથા ડૉ. નિકુંજ આરીવાલા |
| રૂા. ૫,૧૧૧/- | ડૉ. નિકુંજ તથા ડૉ. ધારા (ઓચ્છવ મંડળ કાલુપુર) સુપુત્ર હર્ષના નવમાં જન્મદિન નિમિત્તે. |
| રૂા. ૧૧,૦૦૦/- | પ.પૂ. લક્ષ્મીસ્વરૂપા મોટા ગાદીવાળાશ્રીને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના નવમાં વાર્ષિક દિન નિમિત્તે ચરણભેટ. |
| રૂા. ૫,૦૦૦/- | મંજુલાબેન નગીનદાસ ભાવસાર - નારણપુરા - શ્રી સ્વામિનારાયણ મ્યુઝિમના અભિષેકના સંકલ્પ નિમિત્તે. |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે**
**શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા**
**૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
**www.swaminarayanmuseum.org/com ●email: swaminarayanmuseum@gmail.com**




DAY-1


DAY-2


DAY-3


DAY-4

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## મોક્ષ પ્રાપ્તિનું મોટું ધામ

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

વાત એ સમયની છે જ્યારે સ્વામિનારાયણ ભગવાનને અમદાવાદમાં પ્રવેશની મનાઈનું ફરમાન કરનારા પેશ્વાની સત્તા ગઈ અને અંગ્રેજોએ અમદાવાદમાં પોતાની સત્તા સ્થાપી. એ વખતે ભદ્રના કિલ્લામાં જ અંગ્રેજોએ પોતાની ઓફિસ રાખી હતી. એન્ડ્ર્યુ ડનલોપ નામના કલેકટર પણ એ જ ઓફિસમાં બેસી સંચાલન કરતા. એક દિવસ એમના કાને મધુરાં શબ્દોનો ધ્વનિ સંભળાયો. ''નારાયણ હરે, સચ્ચિદાનંદ પ્રભો'' તેમણે પોતાના કારકુન મોતીરાવને બોલાવી વિગત પૂછી - આવા મધુરાં શબ્દો કોણ બોલે છે ? શા માટે બોલે છે ?

ઈર્ષ્યાળુ મોતીરાવે વાત ઉડાવવાના હેતુથી જવાબ વાળ્યો. સાહેબ ! જવા દો ને એ તો સ્વામિનારાયણના સાધુઓ ભિક્ષા માંગવા આ શબ્દો બોલે છે. સાહેબ કહે, પણ શબ્દોમાં બહુ મીઠાશ છે. એ સાધુને બોલાવી લાવો. ઓર્ડર થતાં ના છુટકે મોતીરાવ બોલાવી લાવ્યો. મુક્તાનંદ સ્વામી અને સંતોની શાંત આકૃતિ તથા સૌમ્ય વેશભુષા જોઈને કલેકટરના અંતરમાં શાંતિની છોળો ઉડવા લાગી. **"શાંતિ પમાડે તેને સંત કહીએ."**

કલેકટર સાહેબે સ્વામીને પ્રશ્નો પૂછ્યા - આપ ક્યાં રહો છો ? શી પ્રવૃત્તિ કરો છો ? આપના ગુરુ કોણ છે ? સ્વામીએ બહુ જ વિનયપૂર્વક કલેકટર સાહેબના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપ્યા. કલેકટરે ફરી પ્રશ્નો પૂછ્યા. તમારા ગુરુ ક્યાં રહે છે ? એ અમદાવાદ કેમ નથી આવતા ? સ્વામી કહે - ''અમારા ગુરુ સ્વામિનારાયણ ભગવાન ગામોગામ ફરતા રહે છે. અધમોને ઉધ્ધારે છે. અમદાવાદ પણ બહુ વખત આવેલા છે પણ થોડાં સમય પહેલાં પેશ્વાએ અમદાવાદમાં આવવાની મનાઈ કરેલી તેથી આવતા નથી.''

કલેકટરે સ્વામીની વાત સાંભળી પછી મુક્તાનંદ સ્વામીને તેમના વતી સ્વામિનારાયણ ભગવાનને અમદાવાદ પધારવા વિનંતી કરવા જણાવ્યું. સ્વામી કહે, ચોક્કસ હું આપના વતી પ્રભુને વિનંતી કરીશ.

કલેકટરે સ્વામિનારાયણ ભગવાનને અમદાવાદમાં બોલાવવાનું કહ્યું તે સાંભળી મોતીરાવના પેટમાં તેલ રેડાયું ને તે પેશ્વાનો મનાઈ હુકમ ચાલુ રહે તે માટેની યોજનાઓ વિચારવા લાગ્યો. તેને સ્વામિનારાયણ ભગવાન સાથે વાંધો એ જ હતો કે સ્વામિનારાયણ ભગવાનના ઉપદેશથી માણસો દારૂ, માંસ, અનીતિ, ચોરી આદિ બધું છોડીને તેમના આશ્રિત બની જતા હતા.

એક દિવસે તક જોઈ મોતીરાવ કલેકટર સાહેબને કહેવા લાગ્યો - તમે સ્વામિનારાયણને અમદાવાદમાં બોલાવવાની છુટ આપી છે પણ તે બાબત પુનઃવિચાર માંગી લે તેમ છે. કારણ કે સ્વામિનારાયણની વાણી જાદુગારી છે. તેની વાણી સાંભળીને ઘણા બધા પુરૂષો પોતાની પત્ની, ગૃહસંપત્તિ આદિ સર્વસ્વનો ત્યાગ કરી સાધુ બની જઈને જીવન પર્યંત ત્યાગ પાળે છે. મોતીરાવની આ વાતે તો સાહેબના મન ઉપર ખૂબ સારો પ્રભાવ પાડ્યો. સંસાર, સંપત્તિ, સુંદરીનો ત્યાગ કરે તે તો ત્રિલોક વિજેતા બન્યો કહેવાય. જેની વાત સાંભળી માણસમાં આવી ત્યાગની અદ્‌ભુત શક્તિ આવે તે પ્રભુ કેવા અલૌકિક હશે ! એ પધારશે તો તેમના દર્શનથી હું ધન્યભાગી બનીશ.

પહેલાં પ્રયત્નમાં તો નિષ્ફળતા મળી પણ હાર માને તો મોતીરાવ શાનો ! બીજો દાવ ફેંકતા એક દિવસ મોતીરાવ કહે, સ્વામિનારાયણ તો પોતાની સાથે જુવાન, જોરાવર લડવૈયા કાઠીઓનું મોટું લશ્કર રાખે છે. જેના દ્વારા આપણા રાજ્યની શાંતિ જોખમાશે. આ વાતે કલેકટરને થોડી શંકા તો થઈ પણ આવે ત્યારે જોઈને પછી નિર્ણય કરવા વિચાર્યું.

મહારાજ તો ગઢપુરથી સંતો, હરિભક્તો અને કાઠી પાર્ષદો સહિત જેતલપુર આવવા વિદાય થયા. જેતલપુરની વાત તો બહુ ન્યારી છે. પવિત્રતામાં નૈમિષારણ્ય, રમણીયતામાં વૃન્દાવન, દિવ્યતામાં બદરીકાશ્રમને સુંદરતામાં શ્વેત દ્વિપની ઝાંખી કરાવે તેવું આ પરમધામરૂપ જેતલપુર ગામ ત્યાં પધારી મહારાજે વિશ્રાંતિ લીધી છે. પ્રભુએ જેતલપુરમાં આધારાનંદ સ્વામી પાસે સ્થળ, પ્રસંગનું વર્ણન કરી એક ચિત્ર તૈયાર કરાવ્યું ને તે પાર્ષદ ભગુજીને સોંપ્યું.

જેતલપુરથી વિદાય થયા તે જયજયકાર સાથે પ્રભુ અમદાવાદ પધારી રહ્યા છે. માર્ગમાં ચંડોળા તળાવ આવ્યું. પ્રભુ એક વૃક્ષ નીચે વિરાજમાન થયા છે. કલેકટરને ખબર મળતા તે મોતીરાવની વાતની સત્યતા જાણવાના ઈરાદે પોતાના બે-ચાર અંગરક્ષકો સાથે ત્યાં પધાર્યા. હથિયારધારી કાઠી પાર્ષદોનો કાફલો જોઈ કલેકટર ચમક્યા ને મુંઝાયા. પ્રભુ કહેવા લાગ્યા. ચમકો છો શું કામ ? કલેકટરે નિષ્કપટ ભાવે પોતના મનની મૂંઝવણ રજૂ કરી. ત્યારે શ્રીહરિ બહુ વિનય તથા ભાવ સહિત કહેવા લાગ્યા -

''તમને શંકા થઈ પણ એક વાત જાણી આપને આનંદ થશે કે અમારા પાર્ષદો પાસે રહેલા આ હથિયારોમાં હિંસકતા નથી. હથિયારોની ધારો દયામાં ડુબેલી છે. ક્ષમા રાખવી તે અમારો ધર્મ છે. પણ સંતજનો, સાધુપુરુષોની રક્ષા માટે સર્પના ફુંફાળાના ન્યાયે આ હથિયારો અમારા પાર્ષદો પાસે છે.'' પ્રભુની આ વાત સાંભળી કલેકટરનું અંતર નિર્મળ બન્યું અને સ્થિર થઈ રહ્યા.

પછી તો કલેકટર કહેવા લાગ્યા - ''તમને નીરખીને મને મારી યુવાનીમાં બનેલો પ્રસંગ યાદ આવે છે. હું જંગલમાં શિકાર કરવા ગયેલો. ત્યાં વાઘના વળતા હુમલામાં કોઈ દિવ્ય આકૃતિએ મને ઉંચે ઉપાડી લઈ મારી રક્ષા કરી હતી. તે આકૃતિ આપ જ છો તેવું મને જણાય છે. શ્રીહરિએ મંદહાસ્ય સાથે ભગુજી પાસે રખાવેલું ચિત્ર કલેકટરના હાથમાં મૂક્યું. કલેકટરના અંતરમાં આનંદનો પાર ન રહ્યો ને સ્વામિનારાયણ ભગવાન સાક્ષાત્ પરમાત્મા છે. તેવો નિશ્ચય થઈ ગયો. કલેકટર પ્રભુના ચરણોમાં ઝુકી પડ્યા.

પછી તો વાજતે ગાજતે સ્વામિનારાયણ ભગવાનની પધરામણી અમદાવાદ શહેરમાં થઈ. અમદાવાદના સત્સંગીઓના હૈયામાં આજે તો આનંદનો કોઈ પાર નહોતો. આખા શહેરમાં ખોબે ખોબે સાકર વહેંચાઈ, આનંદની છોળો ઉછળવા લાગી.

પછી કલેકટરે પોતાના પ્રાણરક્ષક પ્રભુની સેવાના ભાગરૂપે અમદાવાદમાં જમીન સ્વીકારવાની વિનંતી કરી. પ્રભુએ કાલુપુરમાં નવાવાસ પાસેની ખાલી પડેલી જમીન પર ઘોડી ફેરવી જગ્યા પસંદ કરી. કાયદામાં અપવાદ રૂપે લંડન સુધી અરજી કરી કલેકટરે **''યાવત્ ચંદ્ર દિવાકરૌ''** જમીનનો કાયમી દસ્તાવેજ કરી આપ્યો. પછી તો ત્યાં સંતોની ધર્મશાળા તથા ત્રણ શિખરનું વિશાળ દિવ્ય મંદિર બંધાયું જે સ્વામિનારાયણ સંપ્રદાયનું સર્વ પ્રથમ મોક્ષપ્રાપ્તિનું મોટું ધામ થયું. તેમાં શ્રીહરિએ સંવત ૧૮૭૮ ફાગણ સુદ-૩ ના દિવસે સ્વહસ્તે શ્રી નરનારાયણદેવને બાથમાં ઘાલી ધામધૂમથી પધરાવ્યા. તેમજ શ્રી રાધાકૃષ્ણદેવ તથા શ્રી ધર્મભક્તિ હરિકૃષ્ણ મહારાજની સ્થાપના કરી. અમદાવાદમાં આવું ધામ બનાવવા જમીન સંપાદનમાં જેમણે પોતાનું ખૂબજ યોગદાન આપ્યું તેવા અંગ્રેજ કલેકટર એન્ડ્રયુ ડનલોપ આપણા સંપ્રદાયના ઈતિહાસમાં અમર બની ગયા.

મિત્રો ! આપણે પણ આ વાતને કાયમ સ્મરણમાં રાખી જ્યારે જ્યારે કાલુપુર મંદિરે શ્રી નરનારાયણદેવનાં દર્શને જઈએ ત્યારે આ અમર ઈતિહાસને સ્મરણમાં રાખીને મહિમા સભર દર્શન કરી જીવને ધન્ય બનાવીએ.

●

## સુખનો માર્ગ

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

બાળ મિત્રો ! આવો જય સ્વામિનારાયણ. તમે બધા જાણો છો કે હમણાં થોડા સમય પહેલાં જ આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને લખેલું શાસ્ત્ર - શિક્ષાપત્રીનો જન્મ દિવસ હતો ? ક્યો દિવસ તે તમને ખ્યાલ છે ? મહા સુદ-૫ (વસંત પંચમી) એ શિક્ષાપત્રીનો જન્મ દિવસ છે.

એક ખૂબજ નાના ગ્રંથમાં માનવજાત કેવી રીતે સાચા સુખમાં જીવન પસાર કરી શકે તેના માટેની અદ્ભુત આજ્ઞાઓ કરેલી છે. કોઈપણ મનુષ્ય માટે આ અમૂલ્ય ખજાનો છે. આજે તમને એક એવી વાત કહેવી છે કે જેથી તમને શિક્ષાપત્રીનું મહત્વ સમજાય અને તમે મહત્વ સમજીને શ્રીજી મહારાજની આજ્ઞા મુજબ દરરોજ શિક્ષાપત્રીનું વાંચન કરો અને તે મુજબ જીવન જીવીને સુખી બનો.

વાત સવાસોથી દોઢસો વર્ષ જુની છે. તે વખતે આપણા ભારત દેશમાં અંગ્રેજોનું શાસન હતું. નાના-મોટાં તાલુકા, રજવાડાના અધિકારીઓ ઉપર અંગ્રેજો દેખરેખ રાખતા, એક અંગ્રેજ અધિકારીની નિમણુંક જામનગર જીલ્લાના જોડીયા તાલુકામાં થઈ હતી. તેને જમીનોની માપણીનું કામ સોંપવામાં આવ્યું હતું. તેણે પોતાનો ઉતારો (નિવાસ) જોડીયા ગામમાં રાખ્યો.

સવારે ઠંડા પહોરમાં જોડીયાથી નીકળી તે તાલુકાના

ગામોમાં પહોંચી જાય ને માપણી વગેરે કામ પતાવી તાપ પડે તે પહેલાં પોતાના નિવાસ સ્થાને આ અધિકારી પહોંચી જાય.

સવારમાં આ અંગ્રેજ જોડીયા તાલુકાના જીરાગઢ ગામે આવ્યા. સવારનો સમય હોય ત્યારે ખેડૂતો પોતાના બળદોને ગાડે જોડીને ખેતરે જાય. બરાબર ખેડૂતોને ખેતર તરફ જવું ને આ બાજુ અધિકારીને ગામમાં પ્રવેશ કરવો. અંગ્રેજનો આ બધો ઠાઠ જોઈ ગાડામાં જોડેલા બળદો ભડક્યા ને ચારે પગે કુદવા માંડ્યા. આ ગાડાં પર બેઠેલો ખેડૂત પણ હોંશિયાર હતો. તેણે પોતાની યુક્તિથી બળદોને તર્ત જ કાબુમાં લઈ લીધા. સિંહ જેવા તાજા અને રૂષ્ટ પુષ્ટ બળદોને જોઈને આ અમલદાર ખુશ ખુશ થઈ ગયો. એ દિવસે તેણે જીરાગઢ ગામમાં માપણીનું કામ પતાવ્યું ને ત્યાંથી ચાલી નીકળ્યો.

બીજા દિવસે સવારે બોડિયા ગામે પહોંચ્યો. ત્યાં પણ જીરાગઢ ગામના જેવો બળદોનો અનુભવ થયેલો તેવો અનુભવ થયો. ત્રીજા દિવસે ધુડકોટ ગામે ગયા ત્યાં પણ આવો જ અનુભવ થયો. અંગ્રેજને આ આહ્‌લાદક અનુભવ લાગતો. તાજા અને રૂષ્ટ પુષ્ટ બળદો તથા ખેડૂતોના કપાળમાં શોભતો તિલક-ચાંદલો જોઈને તે ખૂબ રાજી થઈ જતો આમ, જોડીયા તાલુકાના આઠ-દસ ગામોમાં તેને આ અનુભવ થયો.

દસથી પંદર દિવસમાં તો આ જોડીયા તાલુકાના બધા ગામોની માપણીનું કામ પૂર્ણ થઈ ગયું. હવે તેણે જોડિયાથી નીકળી બીજા તાલુકામાં પડાવ નાંખ્યો. ત્યાં પણ તે સવારે નીકળ્યો પણ તેની સવારી જોઈ બળદો ભડક્યા નહી. એટલું જ નહી તે બળદો બહુ દુબળા ને મડદાલ જેવા જણાયા. વળી ગાડે સવાર ખેડૂતો પણ જોર વિનાના જણાયા.

તેણે તો આશ્ચર્ય સહિત આ ખેડૂતોને તર્ત જ પૂછ્યું. જીરાગઢ, ધુડકોટ વગેરે જોડીયા તાલુકાના ગામોમાં બધા બળદો તેજસ્વીને તાકાત વાળા જણાયા, વળી માણસો પણ તેજસ્વી ને નુરવાળા જણાયા. જ્યારે તમારા ગામના બળદો કેમ દુબળા છે ? વળી તમે બધા પણ કેમ દુબળા છો ? ખેડૂતો કહેવા લાગ્યા - સાહેબ ! એ જોડીયા તાલુકાના મોટા ભાગના બધા સ્વામિનારાયણ.... ભગવાનના ભક્તો છે. તેમના બળદો રૂષ્ટ પુષ્ટ અને તે ખેડૂતો પણ બધા સુખી છે. આ તાલુકામાં ત્રણ-ચાર ગામોમાં આજ દશ્ય આ જ સવાલની સામે એ જ જવાબ મળ્યો.

આ અંગ્રેજના મનમાં ઉત્સુકતા જાગી. સ્વામિનારાયણ ભગવાનના ભક્તો પણ સારા સુખી જણાય છે. ને તેમના બળદો પણ સારા રૂષ્ટ પુષ્ટ જણાય છે. તેને મનમાં વિચાર આવ્યો કે બધા જ ખેડૂતોને સ્વામિનારાયણ ભગવાનના ભક્તો બનાવી દેવા જોઈએ. તેણે પોતાના અધિકારીને આ વિચાર કહ્યો. વળી હુકમ કર્યો કે એવો સર્ક્યુલર બહાર પાડે કે જામનગર જીલ્લાના તમામ તાલુકાના બધા જ ખેડૂતો સ્વામિનારાયણ ભગવાનના ભક્તો બની જાય.

અધિકારીએ તેમને સમજાવતાં કહ્યું કે સ્વામિનારાયણ સંપ્રદાયમાં જોડાવવા માટે સર્ક્યુલર કે ફરજ પાડી શકાય નહી. એ તો દરેકની પોતાની ઈચ્છાની વાત છે. વળી તેને વિચાર આવ્યો કે આ સંપ્રદાયને અનુસરનારા સુખી હોવાનું કારણ તો જાણવું જ રહ્યું. તેમણે સંપ્રદાયના આશ્રિત પાસેથી સંપ્રદાયના શાસ્ત્ર વિશેની જાણકારી મેળવી. કોઈએ તેમને શિક્ષાપત્રી આપી. તેણે અનુવાદ કરાવીને વાંચી તો તેનું ધ્યાન ગયું શિક્ષાપત્રીના આ શ્લોક ઉપર -

અને તે ગૃહસ્થ સત્સંગી તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે સમયને અનુસરીને જેટલો પોતાના ઘરમાં વરો હોય તેટલો અન્ન દ્રવ્યનો સંગ્રહ જે તે કરવો, અને જેના ઘરમાં પશુ હોય એવા જે ગૃહસ્થ તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે ચાર્ય-પૂળાનો સંગ્રહ કરવો. (૧૪૧)

અને ગાય, બળદ, ભેંસ, ઘોડા આદિક જે પશું તેમની તૃણજળાદિકે કરીને પોતાવતે જો સંભાવના થાય તો તે પશુને રાખવાં અને જો સંભાવના ન થાય તો ન રાખવાં. (૧૪૨)

આ બે જ શ્લોક વાંચીને તેને ખૂડેતો તથા બળદોની જાહોજહાલીનો અંદાજ આવી ગયો. પછી તો તે અંગ્રેજ અમલદાર શિક્ષાપત્રીને પોતાની સાથે જ રાખતા ને જરૂર મુજબ વાંચતા.

શિક્ષાપત્રીમાં પ્રભુની આજ્ઞાઓ કેવી અદ્‌ભુત છે તથા પોતાના આશ્રિતો સુખી થઈ શકે તેના માટે કેટકેટલી ઝીણી બાબતોને સમાવી છે તેનો સચોટ અનુભવ આ અંગ્રેજ અમલદારને સત્સંગીઓના બળદોને જોઈને તથા સત્સંગીઓની તેજસ્વીતા જોઈને થયો.

મિત્રો ! આપણે ભાગ્યશાળી છીએ કે આપણને આ પરમકૃપાળુ પરમાત્માનો સત્સંગ, સાચા સંતોનો યોગ, ધર્મકુળનો યોગ પ્રાપ્ત થયો છે. તો આપણે પણ આ શિક્ષાપત્રીને મહત્વ સાથે અનુસરવાનો દ્રઢ સંકલ્પ કરી જીવનને સફળ બનાવીએ.

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) (એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી) "આત્મજ્ઞાન હોવું અતિશય જરૂરી છે"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

આપણે ગમે તેટલા જ્ઞાની હોય તો પણ **'આત્મજ્ઞાન'** હોવું જોઈએ. જ્યાં સુધી **'આત્મજ્ઞાન'** ન હોય ત્યાં સુધી સાચું જ્ઞાન નથી. શાસ્ત્રના જ્ઞાની અને આત્મજ્ઞાનીમાં બહુ ફેર છે. તો જે વ્યક્તિને **'આત્મજ્ઞાન'** પ્રાપ્ત થયેલ હોય તેના થોડા લક્ષણો વિષે આપણે અહિંયા સમજાવાનો પ્રયાસ કરીશું.

(૧) **'શમ' અને 'દમ'** તો 'શમ' અને 'દમ' એટલે ઈન્દ્રિયોને પોતાના કેન્દ્રમાં સ્થિર રાખવી અને મનને બહિર્મુખ થવા ન દેવું. તો આપણી જે કર્મેન્દ્રિયો છે તે 'બાહ્ય' સાધન છે. દા.ત. આપણે નેત્ર લઈએ તો જે નેત્રથી આપણે આ જગતને જોઈએ છીએ તે **'નેત્ર'** બાહ્ય સાધન છે. તો તેનું અંદરનું કાર્ય છે **દર્શનેન્દ્રિયનું.** તો આંતરિક ઈન્દ્રિયો ક્રિયાશીલ ન હોય તો કાર્ય ન થાય. આંતરિક ઈન્દ્રિય એટલે મસ્તિષ્કમાં જે જ્ઞાનકેન્દ્ર છે ત્યાં જે જ્ઞાનેન્દ્રિયો છે ત્યાંથી જ બધું થાય છે. નેત્રહીન વ્યક્તિ જ્યારે વિચારે છે ત્યારે એના મગજમાં કાંઈક તો આકૃતિ આવતી હશે. ઘણાને આંખ સારી દેખાય પણ આંતરિક ઈન્દ્રિય કામ કરતી ન હોય તો કાંઈ નથી દેખાતું. અને આપણે કોઈપણ કાર્ય કરતા હોય ત્યારે મનમાં જો બીજા વિચાર ચાલતા હોય તો બહાર શું ચાલે છે તેની પણ ખબર પડતી નથી. દા.ત. અત્યારે હું અહિયાં વાત કરું છું તો **'બાહ્ય', 'આંતરિક ઈન્દ્રિયો'** અને **'મન'** ત્રણેય સાથે કાર્યશીલ છે. ઘણી વખત આપણે આંખો બંધ કરીને જે વિચારો મનમાં કરીએ છીએ તે આંતરિક ઈન્દ્રિયથી દેખાય છે. ક્યારેક કોઈ વસ્તુ જોઈ હોય તો પણ વિચારશક્તિ પ્રમાણે આકૃતિ આવી જ જાય છે. ઘણી વખત આપણે ક્યારેય ન જોયેલું હોય તેવું પણ આંખો બંધ હોવા છતા સ્વપ્નમાં દેખાય છે. તો આ બધું આંતરિક ઈન્દ્રિયથી થાય છે. તો આંતરિક અને બાહ્ય ઈન્દ્રિયોને કેન્દ્રમાં સ્થિર રાખવી અને મનને બહિર્મુખ થવા ન દેવું તેવો અભ્યાસ કરવો પડે છે.

(૨) **તિતિક્ષાં** તો 'તિતિક્ષા' એટલે સહનશીલતા આમ જોઈએ તો બન્ને વસ્તુ સરખી લાગે છે. પણ બન્નેમાં બહુ **'ભેદ'** છે. **તિતિક્ષા ખૂબ કઠિન છે. 'દુઃખી થઈને સહન કરીએ એનું નામ સહનશીલતા'** આપણું ધાર્યુ ન થાય, આપણા વિષે કોઈ ખરાબ બોલે, આપણે વિચારીએ કે જવાબ નથી આપવો અને મનમાં સામેની વ્યક્તિ માટે કાંઈક બોલાઈ જાય છે. આપણી અંદર સામેની વ્યક્તિ માટે કોઈ 'અભિપ્રાય' પડી જાય છે. અથવા તો સામેની વ્યક્તિ આપણા કરતા વધારે બળવાન હોય ત્યારે આપણે કાંઈ બોલી નથી શકતા માટે સહન કરીએ છીએ. આ બધું જે છે તેને સહશીલતા કહેવાય તે સારો ગુણ છે. પરંતુ **'તિતિક્ષા જે છે તે એનાથી આગળની સ્થિતિ છે.'** ગમે તેવું બને છતાં પણ કાંઈ બન્યું જ ન હોય તેવો વ્યવહાર અંદરથી 'નિર્લેપ' રહીને કરવાનો તે બહુ કઠિન છે. અને તેવો વ્યવહાર **'આત્મજ્ઞાની'** હોય તે કરી શકે છે. કેમ કે તેને આંતરિક દર્શન પ્રાપ્ત થયું છે. એટલે અહર્નિશ સામેની વ્યક્તિમાં **'જડ'** અને **'ચેતન'** બન્ને જુદું જોઈ શકે છે. **'આત્મા'** અને **'પ્રકૃતિ'** બન્ને જુદું જ દેખાય છે. અને ખ્યાલમાં જ હોય છે કે **'આત્મા' હંમેશા 'શુદ્ધ' જ છે.** આજે વર્તન થાય છે તે ભાગ પ્રકૃતિનો છે અને જે વ્યક્તિને **'આત્મજ્ઞાન'** થઈ ગયુ હોય તે વ્યક્તિમાં **'કરુણા' નામનો** ગુણ પ્રગટ થયેલો હોય છે. **'કરુણા', 'સહજ ક્ષમા', 'વિતરાગતા', 'શુધ્ધ પ્રેમ'** આ બધુ તેને સહજ વર્તે છે. માટે અંદરથી નિર્લેપ રહી શકે છે.

(૩) **ઉપ્રતિઃ** 'ઉપ્રતિ' એટલે બાહ્ય જગતમાં ગમે તેટલી ભૌતિક સુખ સમૃધ્ધિ જુએ અથવા ભોગવે તો પણ અંદર બિલકુલ અસર ના થાય તેનું તેને ચિંતવન થતુ નથી. ગમે તેટલી મોટી પ્રાપ્તિ થઈ જાય કોઈ ગમે તેટલા વખાણ

કરે અથવા તો બહાર ગમે તેટલા સારા પદાર્થ પ્રાપ્ત થાય તો પણ તેને કાંઈ અડતુ નથી. **'ગમે તેવા લોપાયમાન ભાવોથી પોતે સંપૂર્ણ નિર્લેપ અવસ્થામાં રહી શકે છે.'** કેમ કે ? આત્મજ્ઞાનીને સતત ધ્યાનમાં હોય છે કે **'હું પોતે 'આત્મા' સ્વરૂપે અવિનાશી છું.'** અને મને જે બાહ્ય જગતમાં પ્રાપ્ત થયું છે તે વ્યવહારમાં છે. અને વિનાશી છે અને **'વિનાશી વસ્તુમાંથી ક્યારેય અવિનાશી સુખ મળે નહિ.'**

(૪) **શ્રધ્ધા અને સમાધાન** તો શ્રધ્ધા એટલે પોતાના ધર્મ ઉપર પોતાના ભગવાન ઉપર સંપૂર્ણ વિશ્વાસ હોય તેને શ્રધ્ધા કહેવાય છે. 'શ્રધ્ધા' અને 'સમાધાન' એટલે પોતાનું ચિત્ત ભગવાનમાં સ્થાપિત કરવાનો અભ્યાસ.

(૫) **મુમુક્ષુત્વ :** તો 'મુમુક્ષુત્વ' એટલે અંદરથી સતત મુક્ત થવાની તીવ્ર ઉત્કૃટ ઈચ્છા. જેવી રીતે એક રૂમમાં આપણે અંદર હોઈએ અને ધારો કે તે રૂમમાં આગ લાગી હોય તો તમારી બુદ્ધિ સતત એ વિચાર કરશે કે કેવી રીતે હું પોતાની જાતને બચાવી શકુ ? કેવી રીતે અહિંયાથી બહાર નીકળુ ? તો એવી રીતે આપણા જે કાંઈ પ્રયત્નો હોય તે એની પાછળ જ હોય કે આપણને સતત મુક્ત થવાની અંદરથી તીવ્ર ઈચ્છા હોય તેને મુમુક્ષુત્વની ભાવના કહેવાય.

(૬) **નિત્ય અનિત્યનો વિવેક :** નિત્ય અનિત્યનો વિવેક એટલે શું **'શાશ્વત'** છે અને શું **'નશ્વર'** છે એનો **'ભેદ'** આ બે વસ્તુની જાણ હોવી જોઈએ. **'જગત સતત અસ્થિર અને પરિવર્તનશીલ છે. અને નિત્ય એક ભગવાન છે.'** આ બધું **'આત્મા'** સંબંધી જ્ઞાન આવી જાય છે ત્યારે આપણું જીવન **'મહાત્મા'** બની જાય છે. બધું હોવા છતાં આપણે અંદરથી અનાસક્ત રહી શકીએ છીએ અને દઢ અનાસકિત જીવનમાં આવી જાય એના માટે જ આ બધું કરવાનું છે. **શાસ્ત્ર વાંચવાથી જ્ઞાની થવાય છે. 'આત્મજ્ઞાની' થવા માટે આપણા આત્માની ઓળખાણ થવી જરૂરી છે. આપણો આત્મા હંમેશા 'શુધ્ધ' જ છે. 'પૂર્ણ' જ છે. પરંતુ માયારૂપી આવરણથી ઢંકાયેલ છે. દરેક વ્યક્તિ 'ઈન્દ્રિયાતીત' થવાની શક્તિ ધરાવે છે. આપણા આત્માને ઓળખીને થોડો અભ્યાસ કરવાની જરૂર છે. દરેક જ્ઞાની હોય તે 'આત્મજ્ઞાની' હોય એ જરૂરી નથી.** પરંતુ પોતાના 'કલ્યાણ' માટે 'આત્મજ્ઞાની' થવું જરૂરી છે.

જેવી રીતે જગતમાં બહુ પૈસાવાળા હોય તો પણ કોઈ એવું વિમાન નથી કે પૈસાથી ખરીદીને અક્ષરધામ સુધી જઈ શકાય. જગતના વિમાન તમને દુનિયાના ગમે તે ખૂણા પર લઈ જઈ શકે પરંતુ અક્ષરધામ સુધી નહિ લઈ જઈ શકે. તેમ ગમે તેટલું જ્ઞાન હોય તો પણ 'મોટપ' શેનાથી છે. **તો ગ.પ્ર.પ્ર.ના ૩૧ માં વચનામૃતમાં યોગાનંદમુનિએ પૂછ્યું છે કે "હે મહારાજ મોટા જે પ્રભુના ભક્ત હોય તેનો તો અવગુણ આવે નહિ. પણ જેવો તેવો હરિભક્ત હોય તેનો અવગુણ તો આવે ખરો ?" પછી શ્રીજી મહારાજ બોલ્યા "જેમ તમે સમજો છો તેમ નાનપ મોટપ નથી મોટપ તો પ્રત્યક્ષ ભગવાનના નિશ્ચયે કરીને તથા તે ભગવાનની આજ્ઞાને વિષે વર્તવે કરીને છે. અને એ બે વાના જેને ન હોય ને તે ગમે તેવો વ્યવહારે કરીને મોટો હોય તો પણ એ નાનો જ છે."**

તો ભગવાનના સ્વરૂપમાં નિશ્ચય હોય અને એ સ્વરૂપની આજ્ઞામાં રહે એ નિશ્ચય જેટલો બળવાન હોય એટલું આગળ વધી શકાય છે. જેટલું શિથિલપણું હશે એટલું મોડું આગળ વધાશે.

જો અત્યારે અહિંયા આ **'આંગન'**ના છોકરાઓ રમે છે. તો પહેલા રોડ પર ભીખ માગતા હતા. તો એમનું પહેલાનું કાંઈક તો **'પ્રારબ્ધ'** હશે જેના લીધે **'ભગવાન'** સાથે ક્યાંક છેડો અડતો હશે તો **આજે 'પ્રારબ્ધ'** હશે એટલે અહિંયા ભેગા બેઠા છીએ. તો ઉપર અક્ષરધામમાં પણ આપણે બધા સાથે રહી શકીએ એવા બનવાનું છે. ત્યાં જવા લાયક થઈ શકીએ એવું બનવું છે. એવું મનમાં રાખજો અને એવો પ્રયત્ન કરજો. બાકી આ એકાદશીની સભા તો કાયમ ચાલવાની છે. આપણે હોઈએ કે ના હોઈએ તો પણ આ સભા અવરિત ચાલવાની છે. કાયમ આપણે આ સભાના માધ્યમથી ધામમાં રહી શકીએ એવા 'શુધ્ધ' **બનવાનું છે. મહારાજે આપણને જે** 'બુદ્ધિ' 'બળ' અને 'વિવેક' આપેલ છે તેનો ઉપયોગ **'આત્મસુખ'** પ્રાપ્ત કરી શકીએ તેના માટે કરવાનો છે.

●

### મનુષ્ય જીવનની સાર્થકતા

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

મોંઘો મનુષ્યનો દેહ ફરી ફરી મળતો નથી. એમ સંતો ને શાસ્ત્રો પોકારીને કહે છે. માટે આવા અમૂલ્ય માનવ જીવનને સાર્થક કરવા અચૂક પ્રયાસ કરવો જોઈએ.

જીવનમાં કરવા જેવાં કામ કર્યા હોય ને ન કરવા જેવા કામ ન કર્યા હોય તો જ જીવન સાર્થક ગણાય છે.

જેમ રેલ્વેનું સ્ટેશન આવતાં ઉતરનાર જે ઉતારૂ પોતાનો સામાન હાથવગો કરીને દરવાજે ઉભો રહી જાય છે તે સહેલાઈથી તુરત ઉતરી શકે છે. એમ મરતા પહેલાં પોતાનું જીવન ભજન ભક્તિ અને કથા-વાર્તા ધ્યાન સત્ચારિત્ર્યથી ભર્યું ભર્યું કરી લેનાર આ જગતમાંથી સ્વસ્થ રીતે વિદાય લઈ શકે છે. પોતાનું ખેતર હોય ને પડતું મેલીને સોળ સહિયારા ખેતરમાં સતત મહેનત કરે એને ડાહ્યો ન કહેવાય. એને તો મૂરખ કહેવાય. તેમ પોતાનું આત્મ કલ્યાણ પડતું મેલીને કાકા મામા અને સાળા સાઢુ વગેરેને સારૂ કરવા જીવનભર મંડ્યો રહે એ પણ શાસ્ત્ર દૃષ્ટિએ ડાહ્યો ન કહેવાય. મૂરખ કહેવાય.

આ મનુષ્ય દેહ પ્રભુનું ભજન, સ્મરણ અને ચિંતવન કરવા મલ્યો છે. છતાંય અજ્ઞાની જીવ સાંસારિક કામ પતાવવા સતત રચ્યો પચ્યો રહે છે. આત્મ શ્રેય કરવાનું તેને સુઝતું નથી. અચાનક કાળ આવીને ઉભો રહેશે ત્યારે એને જીવનમાં પસ્તાવાનો પાર નહિ રહે. તે માટે ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે જે કરોડ કામ બગાડી ને પણ એક મોક્ષ સુધારી લેવો. કદાચ જગતના બધા કામ કર્યા ને મોક્ષ બગડ્યો તો બધું જ બગડી ગયું. માટે મોક્ષ સુધારી લેવો.

માનવી આખી જીંદગી સગા સંબંધીને ખોટું ન લાગે તેમ વ્યવહારમાં સતત ધ્યાન રાખીને પ્રયાસ કરતો રહે છે. પરંતુ જેણે આવો અમૂલ્ય માનવ દેહ આપ્યો છે એ મહાપ્રભુને ખોટું ન લાગે એમ જીવન જીવતા શીખવું જોઈએ. જીવનની પ્રત્યેક ક્ષણ મોતના પાયાને મજબૂત કરે છે. તે માટે સાવધાન થઈ પ્રભુ ભજી લેવા તત્પર થવું જોઈએ. રેડિયો સ્ટેશન બંધ થયા પછી રેડિયો ચાલુ કર્યો હોય તો એમાં કાંઈ સાંભળવા મળે નહિ. સમાજમાં ઘણીવાર એવું બને છે કે યુવાની જતી રહ્યા પછી ઘડપણમાં માણસો રેડિયો ખોલે છે. કાનનું આંખનું સ્ટેશન બંધ થવા લાગે પછી ભગવાનના ભજનની વાત કરીએ એ કેમ બંધ બેસે ! એટલે તો સ્ટેશન બંધ થયા પહેલાં ધ્યાન-ભજન-સ્મરણ-ચિંતવન-કથા-વાર્તા-સત્સંગ નો કાર્યક્રમ ચાલુ કરી દેવો જોઈએ.

ફિલ્મ શોમાં ''ધી એન્ડ'' આવતાં પ્રેક્ષકો થિયેટર છોડીને બહાર ચાલવા માંડે છે. કિનારો દેખાતાં નાવિક સઢ સંકેલવા માંડે છે. સંધ્યાકાળ થતાં પક્ષીઓ માળા તરફ પાછા ફરવા માંડે છે. તેમ આપણે માથા પર સફેદ વાળ આવતાં જ મનને પાછું વાળી હરિભજનમાં જોડવા પ્રયાસ કરવો જોઈએ. ધણિયાતાં ઢોરની પેઠે પ્રભુની મૂર્તિરૂપ ખીલે આવવું જોઈએ. રેઢિયાળ ઢોરની પેઠે જ્યાં ત્યાં રખડતાં રહેવું ન જોઈએ.

જેને માનવ દેહ મળ્યા પછી લોકની માન મોટાઈ કે પદ પ્રતિષ્ઠા પામવાનું તાન હોય તેનું મન પ્રભુ ભક્તિમાં લાગતું નથી. જેમ શોર્ટ સર્કિટ થવાથી તમામ વાયરીંગ બળી જાય છે. તેમ માન-મોટાઈના વિચારો ભગવત્ પ્રાપ્તિના વિચારોને બાળી નાખે છે. જ્યારે ભજન, ભક્તિ, ધ્યાન, સ્મરણમાં ચિત્ત ચોંટે નહિ ત્યારે બાઈ હોય કે ભાઈ ગૃહસ્થ હોય કે ત્યાગી તેમણે વિચારવું કે હૈયામાં જગતનું પ્રાધાન્ય છે. ભગવાન ભૂલાય ત્યારે માનવું કે જગતમાં જેવો માલ મનાયો છે તેવો ભગવાનમાં નથી મનાયો. માખી ગંદકી પર બેસે છે પણ કેસર ચંદનથી ભરેલ વાટકા પર બેસતી નથી. કારણ એને ચંદન કરતાં ગંદકીમાં વધારે માલ મનાયો છે. પંચવિષયમાં ચોંટી જાય તો માનવું કે આપણને ભગવાનની મૂર્તિનો મહિમા પૂરો સમજાયો નથી. જગતને પ્રાધાન્ય આપીને હૈયામાં ભર્યું પણ સત્સંગને પ્રાધાન્ય ન આપ્યું. એથી જન્મ મરણના ફેરા ટળ્યા નહિ. આત્યંતિક મોક્ષ નહીં થાય.

વ્યવહાર કરવો પડે તેટલી ઘડી કરી લેવો. નવરા પડીએ એટલે ભગવાનને સંભારવા. મંદિરે જઈ દર્શન કરવા પણ જ્યાં ત્યાં ભટકવા જવું નહિ. દેહ ઘરડો થાય ત્યારે તૃષ્ણા વધે છે. મનમાંથી સંકલ્પો વિકલ્પો વધારે થાય છે. જેથી વાસના વધે છે. માટે નવરા પડીએ ત્યારે ભજન ભક્તિ, ધ્યાન, સ્મરણ, ભગવાનનું ચિંતવન કર્યા કરવું જેથી તૃષ્ણા વાસના બળીને ખાખ થઈ જાય.

ખેતરને વાડ કરી હોય છતાંય બળવાન ઢોર એ વાડને ઠેકીને અંદર પડે છે. તેમ નિયમની વાડ હોય તોય ઈન્દ્રિયો અંતઃકરણ એ વાડને ઠેકીને વિષયમાં પડે છે. આવું માયાનું બળ છે. માટે નિશ દિન સત્સંગ કરવા પાછળ ભાર મૂકવામાં આવ્યો છે. વાવ્યા પછી ખેડૂતો મોલમાં ઉગેલ

ખડને નિંદે છે તેમ હૈયામાંથી ભગવાન વિના સર્વ નિંદામણ દૂર કરવું જોઈએ. સત્સંગમાં આવી સંતોના યોગમાં ત્યાગી તો થઈ ગયા પણ મનમાંથી પદાર્થનો કેટલો ત્યાગ કર્યો એ વિચારવું જોઈએ. જેટલું મળે તેટલું ભોગવી લઈએ અને ભાગ ત્યાગ ન કરીએ તો ત્યાગ કેમ નભે ?

જ્યારે આ શરીરમાંથી જીવને જવાનું પ્રયાણ થશે ત્યારે સગાં વહાલાં પોક મૂકીને રડશે. તે પહેલાં આપણને જમડાની નોટિસો આવી હશે પણ આપણે ચેત્યા નથી. પેરાલીસીસનો હુમલો આવ્યો હોય હૃદયની નળી બ્લોક થઈ ગઈ હોય, પગે ચલાતું ન હોય, કાનથી સંભળાતું ન હોય આ બધી નોટિસો છે. પણ તેને આપણે ગણકારતા નથી. સગાં બધાં ભેળા થઈને મસાણિયામાં બાળી દેશે. બંગલા, મોટરો, લાખોની મિલકત ખડકી હશે પણ તે કાંઈ સાથે નહિ આવે. બધું અહીં જ પડ્યું રહેવાનું છે. બધુંજ મેલીને આખરે તો સ્મશાનમાં જાવાનું થશે. માટે સમજીને વિચારી જીવોને ભગવાન ભજી લેવા ને મોક્ષ સુધારી લેવો.

પૈસાને જીવનનો હાઈવે ન કરી દેવાય. એતો ડાયવરઝન છે. પંચ વિષયના સુખમાં જીવે લાભ માન્યો છે. છતાંય જીવને એનો મોહ છૂટતો નથી. દુબળા ઢોરનું મન રુસકામાં જાય તેમ ભગવાનને માર્ગે દુબળા હોય ને કાંઈક પદાર્થ મળે એટલે રાજી થઈ જાય. આ જીવનો સ્વભાવ જ ભેંસના જેવો છે કે વિષયરૂપી માદળામાં પડ્યું રહેવું એને બહુ ગમે છે. માટે જેને આત્મ કલ્યાણ કરવું છે એને તો સમય મળે એટલે પ્રભુનું ભજન-સ્મરણ કરતા રહેવું જોઈએ.

આત્મામાં બળ હીન હોય છે. એવા બળહીન કાયર માણસોને ધીર-વીર થવું એ સહેલું નથી પણ ઘણું કઠણ કામ છે. કેમ કે શૂરવીરનો વેશ કાયર માણસ શી રીતે લઈ શકે ? નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે આપણે પણ આજે સત્સંગના વર્તમાન ધાર્યા છે તેને નિભાવવાનું કામ ઘણું કઠણ છે. પૂર્ણ પુરુષોત્તમને પામવા માટે રૂડે પ્રકારે ભક્તિ આદરી છે તો પછી ભેગી આ શરીરમાં માયિક સુખોની ઈચ્છા કર્યા કરવી એ વાત ન બને. ભગવાન મેળવવા તરફ ભક્તનો વેગ તીવ્ર હોવો જોઈએ. ભમરાળા ભક્ત ન થવું.

### ઘર મંદિર

- લાભુબેન મનુભાઈ પટેલ (કુંડાળ, તા. કડી)

સ્વામિનારાયણ સંપ્રદાયના દરેક સત્સંગીઓએ પોતાને ઘેર પોતાની આર્થિક શક્તિ મુજબ ઘર મંદિર બનાવવું. મકાનની ભીતમાં કબાટ કે ગોખલો હોય એનો પણ ઘર મંદિર તરીકે ઉપયોગ કરી શકાય, ઘર મંદિરની આગળ પડદો રાખવો જોઈએ, પોતાની શક્તિ પ્રમાણે ઘર મંદિરમાં લાઈટો અને તોરણોથી સજાવટ કરવી, ઘર મંદિરમાં શ્રી નરનારાયણદેવની તથા શ્રી સ્વામિનારાયણ ભગવાનની ચિત્ર પ્રતિમા ધર્મકુળના આચાર્યશ્રી પાસે પ્રસાદી કરાવીને પધરાવવી તથા શ્રી નરનારાયણદેવ પાસે પ્રસાદી કરાવીને પધરાવવી.

દરેક સત્સંગીઓએ નિત્ય સવારે સ્નાન કરી ઘર મંદિરમાં પધરાવેલ શ્રીહરિને જગાડવા. પ્રથમ ભીના અને પછી કોરા કપડાથી ચિત્ર પ્રતિમાને સ્વચ્છ (માર્જન) કરવી. શ્રધ્ધા પ્રમાણે માનસી પૂજા કરવી તથા ચંદન ધૂપદીપ અને ફૂલો વગેરે ઉપચારોથી પ્રત્યક્ષ પૂજા પણ કરી શકાય. ઘર મંદિરમાં નિયમિત સવાર-સાંજ આરતી ઉતારવી, અષ્ટકો બોલવાં અને સાષ્ટાંગ દંડવત પ્રમાણ કરવા, આરતી સમયે ઘરનાં બધા જ સભ્યોએ હાજર રહેવું.

આપણે જ્યારે ભોજન કરીએ તે પહેલા ઘર મંદિરમાં શ્રીહરિને થાળ ધરાવવો, થાળની પ્રસાદી રસોઈ સાથે ભેળવી દેવી, આખા દિવસ દરમ્યાન અનુકુળતા એ શ્રીહરિને જળ ધરાવવું. શ્રધ્ધા શક્તિ પ્રમાણે દૂધ ફળ ફળાદિ વડે પણ શ્રીહરિને જમાડી શકાય. બપોરે અને રાત્રે પડદો બંધ કરી શ્રીહરિને પોઢાડવા અને સમય પ્રમાણે શ્રીહરિને જળ ધરાવીને જગાડવા.

ઘર મંદિરમાં ભગવાન પ્રત્યક્ષ બિરાજમાન થયા છે તેમ મહિમા સમજી ઘરમાં ભગવાનની મર્યાદા પાળવી, ઘર મંદિરમાં ઘડિયાળ, ચશ્મા, ટપાલ કે દિવાસળીની પેટી જેવી પણ ચીજો મૂકવી નહીં. ઘર મંદિર સ્વચ્છ રાખવું. પોતાના ઘેર પધારતા મુમુક્ષુ મહેમાનોને ઘર મંદિરના અવશ્ય દર્શન કરાવવાં, આવી રીતે ભગવાનની સેવા કરવાથી ભગવાન રાજી થાય છે.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં ગૃહસ્થ સત્સંગીને કોની કોની સેવા કરવાનું કહ્યું છે ?

પ્ર. ૨ શ્રીહરિએ સુરા ખાચરના ગામ લોયામાં શાકોત્સવ કઈ સાલમાં કર્યો હતો ?

પ્ર. ૩ અંતર્દષ્ટિ એટલે શું ?

પ્ર. ૪ આત્માના સ્વરૂપને જાણવાને અર્થે ભગવાનને ભજે તેને કેવો ભક્ત જાણવો ?

પ્ર. ૫ ''શ્રી નરનારાયણદેવને અમે અમારું રૂપ જાણીને અતિ આગ્રહ કરીને સર્વેથી પ્રથમ આ શ્રીનગરને વિષે પધરાવ્યા છે માટે આ નરનારાયણને વિષે ને અમારે વિષે લગારે પણ ભેદ સમજવો નહિ.'' - શ્રીજી મહારાજે ક્યા ગામમાં કઈ સાલમાં આ વાત કરી છે ?

પ્ર. ૬ ''જેને ભગવાનનો સંબંધ થયો છે તેનાં ભાગ્યનો પાર આવે નહિ અને તે ભગવાનનો સંબંધ એક જન્મને પુણ્યે કરીને થતો નથી.'' ત્યાં શ્રીજી મહારાજે ગીતાજીના ક્યા શ્લોકનો ઉલ્લેખ કર્યો છે ?

પ્ર. ૭ ''સહજાનંદ કે દર્શન કરકે, મગન ભયો સબ ગુરુ જ્ઞાની અદ્‌ભુત રૂપ વિચારત મનમે, નહિ આવે મુખસે બાની.....'' - આ કીર્તનના રચયિતાનું નામ જણાવશો.

## ફેબ્રુઆરી-૨૦૨૦ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) શ્લોક નં. ૭ સર્વેના જીવને હિત કરનારી છે. (૨) કોઠ ગામ પાસે ગણેશ ધોળકાની રાયણોમાં. (૩) ''ગંગાજીના કાંઠેથી તરસ્યો જાય તે કેવો કહેવાય.'' (૪) ૨૮ વર્ષ. (૫) બે વચનામૃત ગ.મ. ૧૩ મું, ગ.મ. ૩૩ મું. (૬) યુધિષ્ઠિર - અનંત વિજય, ભીમ - પૌન્ડ્ર, અર્જુન - દેવદત, નકુલ - સુઘોષ, સહદેવ - મણિપુષ્પક. (૭) સ.ગુ. દેવાનંદ સ્વામી.

૧ પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૨ પટેલ જયંતિલાલ અંબાલાલ (માણસા)
૩ ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૪ સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)
૫ સાંખ્યયોગી ભારતીબા, મંજુબા (કાલુપુર હવેલી)
૬ સાંખ્યયોગી કંચનબા, હીરાબા, ભગવતીબા (ધ્રાંગધ્રા)
૭ ભાવસાર વીણાબેન આર. (નવરંગપુરા)
૮ ભાવસાર અરવિંદાબેન (ચાંદલોડીયા)
૯ ઝાલા રણજીતસિંહ જવાનસિંહ (સીતાપુર)
૧૦ અડાલજા કંચનબેન બાબુભાઈ (રતનપર)
૧૧ પટેલ વંદનાબેન કનૈયાલાલ (રાણીપ)
૧૨ સાંખ્યયોગી કોકીલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૧૩ ઝોલાપરા શોભના કે.
૧૪ ગાંધી જ્યોત્સના એચ. (સુરેન્દ્રનગર)
૧૫ સોની પલ્લવી આર. (સુરેન્દ્રનગર)
૧૬ પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)
૧૭ પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (સોજા)
૧૮ પટેલ કોકીલાબેન બાબુભાઈ (સાબરમતી)
૧૯ પટેલ આયુષી ભરતકુમાર (રાયચંદનગર)
૨૦ પટેલ શારદાબેન રતિભાઈ (રાયચંદનગર)
૨૧ પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૨૨ પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૨૩ પટેલ લીલાબેન જોઈતારામ (ઝુલાસણ)
૨૪ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૨૫ પટેલ જોઈતાભાઈ આત્મારામ (ઝુલાસણ)
૨૬ પટેલ મીનાબેન કમલેશકુમાર (કુહા)
૨૭ પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (ડાંગરવા)
૨૮ પટેલ ઉષાબેન એમ. (વાવોલ)
૨૯ પટેલ શારદાબેન એચ. (વાવોલ)
૩૦ પટેલ નટવરભાઈ પરસોતમદાસ (નિર્ણયનગર)
૩૧ સાંખ્યયોગી બહેનો (સ્વા. મંદિર દરબારગઢ-મોરબી)
૩૨ ખંધેડીયા ભાવનાબેન કમલેશકુમાર (મોરબી)
૩૩ પટેલ સંગીતાબેન મનોજકુમાર (અંબાપુર)
૩૪ પટેલ સંગીતા અરૂણભાઈ (અંબાપુર)
૩૫ પટેલ ઈલા પ્રવિણભાઈ (અંબાપુર)
૩૬ ઠક્કર હસુબેન કનૈયાલાલ (ઈશનપુર)
૩૭ સીતાપરા ગોરધનભાઈ વાલજીભાઈ (બાપુનગર)
૩૮ ડૉ. પટેલ અરૂણભાઈ દેવજીભાઈ (રાણીપ)
૩૯ પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૪૦ ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૪૧ ભાવસાર જ્યોત્સનાબેન આર. (બાપુનગર)
૪૨ પટેલ શારદાબેન હીરાભાઈ (સાબરમતી)
૪૩ પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૪૪ ભોરણીયા નથુ ભગવાનભાઈ (ઘુંટુ મોરબીનું)
૪૫ પટેલ રક્ષાબેન ગણપતભાઈ (મેમનગર)
૪૬ ચોકસી ઈલાબેન નરેન્દ્રકુમાર (ઘાટલોડીયા)
૪૭ મહેશ ભગત પૂજારી (સ્વા. મંદિર જીવરાજપાર્ક)

# સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ (બાપુનગર)નો ૧૫ મો વાર્ષિક પાટોત્સવ ભવ્યતાથી ઉજવાયો**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા સહ સમગ્ર ધર્મકુળ પરિવારના શુભ આશીર્વાદથી તેમજ સ.ગુ. મહંત સ્વામી લક્ષ્મણજીવનદાસજીની પ્રેરણા અને સ.ગુ. શા. સ્વામી નિર્ગુણદાસજી (અસારવા)ના માર્ગદર્શનથી મંદિરનો પંચ દશાબ્દિ મહોત્સવના રૂપમાં તા. ૩૧-૧-૨૦ થી ૭-૨-૨૦ પર્યન્ત ભવ્યાથી ભવ્ય રીતે ધામધૂમથી ઉજવાયો.

મહોત્સવના ઉપલક્ષમાં મહોત્સવ અગાઉ ૧ વર્ષના સમયગાળામાં નીચે મુજબ ધાર્મિક અને સામાજિક કાર્યક્રમો સંપન્ન તયા હતા.

**ધાર્મિક :** કુલ ૪૩૧૫૬ કલાક 'સ્વામિનારાયણ' મહામંત્ર ધૂન જેમાં કાલુપુર મંદિર સહિત આપણા મદિરોમાં ૭૮૬ કલાક અને આજુબાજુના ગામો, મહોત્સવ સ્થળ તેમજ વ્યક્તિગત હરિભક્તોના ઘેર મળીને ૪૨૩૭૦ કલાક, ૧૫ કરોડ 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્ર લેખન, ૧૫૨૬૮ શિક્ષાપત્રીના પાઠ, ૫૦૭૩૦૨ જન મંગલના પાઠ, ૫૧૬૪૭ શ્રીહરિ સ્મૃતિના પાઠ, ૧૬૦૪૨૦ વંદુ સહજાનંદ રસરૂપના પાઠ, ભક્તજનો દ્વારા ૧૭૦૦૦૦ દંડવત, ૫૩૦૦૦૦ પ્રદક્ષિણા, ૭૧૧૨૪૫ માળા, બાપુનગર અને ગ્રામ્ય વિસ્તાર મળીને સંતોના સાનિધ્યમાં ૩૨ સત્સંગ સભા, એપ્રોચ થી પદયાત્રા ૧૫ કાલુપુર સુધી, ૧ જેતલપુર સુધી ૧, મ્યુઝિયમ સુધી ૧, વહેલાલ સુધી ૧, બસ યાત્રા દ્વારા શ્રીહરિ સ્થાપિત ૯ ધામ દર્શન, ૮૩૦ હરિભક્તો દ્વારા ૨ બાઈક રેલી જેમાં ૧ બાઈક રેલીમાં શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ સહિત અમદાવાદ શહેરના તમામ શિખરબધ્ધ મંદિરોમાં દર્શન તથા બીજી રેલીમાં બાપુનગર વિસ્તારના હરિમંદિરોમાં દર્શન કરી કથા સ્થળ, ૩ સપ્તાહ પારાયણ જેમાં વચનામૃત, શ્રીહરિ સ્મૃતિ અને દંઢાવ્ય દેશના પરચાનો સમાવેશ થાય છે. ૩ સમૂહ મહાપૂજા અને શ્રાવણ માસમાં ભવ્ય હિંડોળા દર્શન.

**સામાજિક :** વ્યસન મુક્તિ અભિયાન જેમાં ૩૭૪ વ્યક્તિઓને વ્યસન મુક્ત કરવામાં સફળતા, ૨ બ્લડ ડોનેશન કેમ્પ દ્વારા ૧૦૮ બ્લડ બેઝનું એકત્રિકરણ, સર્વ રોગ નિદાન કેમ્પ દ્વારા ૨૬૭ દર્દીઓની નિઃશુલ્ક તપાસ, GCS (નરોડા રોડ) હોસ્પિટલમાં દર્દીઓને ફળોનું વિતરણ, ૪ વૃધ્ધાશ્રમ, ૨ અનાથાશ્રમ અને ૧ મંદ બુદ્ધિના બાળકોના આશ્રમમાં તથા ૪ ગ્રામ્ય વિસ્તારમાં ભોજન પ્રસાદ, ખીચડી તથા મિઠાઈનું વિતરણ અપ્રુજી (કઠલાલ) ગામે ૫૧ વૃક્ષોનો ઉછેર તથા ૮૫ સ્વયં સેવકો દ્વારા શ્રીહરિની પ્રાગટ્ય ભૂમિ છપૈયા મંદિર તથા નારાયણ સરોવર પરિસરમાં સાફ સફાઈ.

મહોત્સવ અંતર્ગત તા. ૧૯-૧-૨૦ ના વિજય સ્તંભ સ્થાપન બાદ તા. ૨૬-૧-૨૦ના રોજ રાષ્ટ્ર ભાવનાના પ્રતિક રૂપે શુકન ચાર રસ્તા મહોત્સવના સ્થળે ધ્વજ વંદન કાર્યક્રમ કરી સાંજના ૫-૩૦ કલાકે કાલુપુર મંદિરના મહંત શા. સ્વામી શ્રી હરિકૃષ્ણદાસજી, શા. સ્વામી શ્રી નિર્ગુણદાસજી, એપ્રોચ, નારણપુરા આદિક મંદિરોના મહંતશ્રી દ્વારા ઉદ્‌ઘાટન કરીને બાળ નગરીનું દર્શન ખુલ્લું મુકવામાં આવ્યું હતું. શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથની સપ્તાહ પારાયણના વક્તાપદે એપ્રોચ મંદિરના સ.ગુ. સ્વામી હરિકૃષ્ણદાસજીએ વ્યાસાસને બિરાજી સંગીતની સુરાવલીઓ સાથે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત શ્રોતાજનોને કથામૃતનું રસપાન કરાવ્યું હતું. પારાયણ અંતર્ગત પોથીયાત્રા, ઘનશ્યામ જન્મોત્સવ, ગાદી પટ્ટાભિષેક, રાસ, આદરજનો અન્નકૂટ ઉત્સવ આદિક ઉત્સવો ધામધૂમથી ઉજવાયા હતા. મહોત્સવ અંતર્ગત સમૂહ મહાપૂજા, શાકોત્સવના માધ્યમથી ૧૫૦૦૦ ભક્તજનોને રીંગણાના શાક સાથેનો ભોજન પ્રસાદ, દરરોજ સાંજે ૩૫૦૦ જેટલા શ્રોતાજનોને ભોજન પ્રસાદ, ઠાકોરજીને ચોકલેટ, ડ્રાયફ્રુટ, શાકભાજી, ફરસાણ, કઠોળ, ફળફુલ અને છપ્પન ભોગ અન્નકૂટ, ૧૫૦૦ કિ.ગ્રા. પુષ્પોથી શ્રી ઘનશ્યામ મહારાજને પુષ્પાભિષેક, ૭ ધાન્ય તથા પુષ્પોથી ઠાકોરજીની તુલાવિધિ તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીને પંચામૃત અને કેસર જળથી અભિષેક આદિક કાર્યક્રમો ભવ્યતાથી સંપન્ન થયા હતા. કથા દરમિયાન ધામોધામથી ૨૬૦ જેટલા બ્રહ્મનિષ્ઠ સંતો તેમજ ૯૦ થી વધારે સાંખ્યયોગી માતાઓ ઉપસ્થિત રહી પ્રસંગને શોભાવ્યો હતો. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પધારીને સૌને શુભ આશીર્વાદ પાઠવ્યા હતા. પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીએ પધારીને બહેનોને દિવ્ય સુખ આપ્યું હતું. પ્રાસંગિક સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજાશ્રીએ સૌને રૂડા શુભાશીર્વાદ પાઠવ્યાહ તા.

કથાના મુખ્ય યજમાનપદે ગં.સ્વ. કાશીબેન અરજણભાઈ સાચાણી પરિવાર, પાટોત્સવના મુખ્ય યજમાનપદે અ.નિ. અમથીબેન પ્રહલાદભાઈ પટેલ (યુ.એસ.એ.) પરિવાર, નાના મોટા સેવાભાવી યશસ્વી યજમાનો, કોઠારી પ.ભ. શ્રી રમેશભાઈ ખીચડીયાના સહયોગ સાથે શ્રી નરનારાયણદેવ યુવક મંડળ આદિક ભક્તજનોની તન, મન, ધન અને સમયના યોગદાનની સેવાથી મહોત્સવ શોભી ઉઠ્યો હતો. સમગ્ર મહોત્સવનું લાઈવ પ્રસારણ હમારી સંસ્કૃતિ ટી.વી. ચેનલના માધ્યમથી કરવામાં આવ્યું હતું. (ગોરધનભાઈ વી. સીતાપરા)

**ગામડી ગામે ભવ્ય શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ તથા જેતલપુરધામ નિવાસી શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા જેતલપુર મંદિરના પૂ. મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. સ.ગુ. શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રીહરિના મહાપ્રસાદીભૂત ગામડી ગામમાં તા. ૨૯-૧-૨૦ ના રોજ જેતલપુર ધામના સંત મંડળ દ્વારા ભવ્ય શાકોત્સવ સંપન્ન થયો.

સભામાં પૂ. મહંત સ્વામી અને બ્ર. શા. હરિસ્વરૂપાનંદજી એ કથાનું પાન કરાવી આશીર્વાદ પાઠવ્યા હતા. સાથે સાથે અત્રેના ગ્રામદેવી શ્રી વારાહી માતાજીનો ૧૪ મો વાર્ષિક પાટોત્સવ, અન્નકૂટ વિધિવત રીતે થયા હતા. પૂ. મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજીએ આરતી ઉતારી પૂજન કર્યું હતું. ત્યારબાદ યજ્ઞ પ્રારંભ થયો. સમગ્ર ઉત્સવના યજમાન પ.ભ. અતુલભાઈ પટેલ (એડવોકેટ) પરિવારે લાભ લીધો હતો. (શા. ધર્મનંદનદાસ - જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયનું ગૌરવ**

આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી પ્રસ્થાપિત તથા પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી જેતલપુર મંદિર દ્વારા સંચાલિત શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયના તેજસ્વી ચાર વિદ્યાર્થીઓને નીચે મુજબ એવોર્ડ પ્રાપ્ત થયા.

ગુજરાત રાજ્ય દ્વારા સંસ્કૃત ભાષાના સંવર્ધન માટે શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટીની સ્થાપના થયેલ છે. જેમાં આપણી કોલેજના શર્મા સચિન વિશ્વનાથભાઈએ આચાર્ય કક્ષાના રામાનુજ વેદાંતમાં પ્રથમ ક્રમાંક તથા પુરોહિત ભક્તિ વાસુદેવભાઈ શાસ્ત્રી કક્ષાના પ્રથમ ક્રમાંકે ગ્રેજ્યુએશન કરી સંપ્રદાયનું ગૌરવ વધાર્યું છું. રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન દ્વારા યોજાયેલ સ્પર્ધામાં વ્યાકરણ વિષયમાં હરિયાણી મયુર મહેન્દ્રભાઈ તથા તર્ક સંગ્રહ વિષયમાં કેશુકુમાર ઝાએ સુવર્ણ પદક પ્રાપ્ત કરી શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય જેતલપુરધામનું ગૌરવ વધાર્યું છે. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ઉપરોક્ત તમામ વિદ્યાર્થીઓની ઉતરોત્તર પ્રગતિ થાય તેવા આશીર્વાદ પાઠવ્યા છે.

**શ્રી સ્વામિનારાયણ મંદિર મીઠાખળી**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. મહંત શા. સ્વા. દિવ્યપ્રકાશદાસજી (નારાયણઘાટ)ની પ્રેરણાથી આપણા શ્રી સ્વામિનારાયણમંદિર મીઠાખળી ખાતે તા. ૫-૧-૨૦ ને રવિવારના સુંદર શાકોત્સવ ઉજવાયો. સ્વામીએ ભગવાન શ્રીહરિનું માહાત્મ્ય મહિમા કહ્યો હતો. ૬૦૦ જેટલા હરિભક્તોએ શાકોત્સવનો પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. દર એકાદશીના મીઠાખળી મંદિરમાં સત્સંગ સભાનું આયોજન થાય છે. (કોઠારી હર્ષિવ ઠક્કર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા (વાંટો) પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા (વાંટો)નો વાર્ષિક પાટોત્સવ મહાવદ-૮ તા. ૧૬-૨-૨૦ ના રોજ ધામધૂમથી ઉજવાયો. ઠાકોરજીના અન્નકૂટ માટે હરિભક્તોએ પોતાના ઘરેથી સુંદર પદાર્થ મીઠાઈઓ વગેરે બનાવી ભગવાનને અન્નકૂટ ધરાવ્યો હતો. સવારે ૨ કલાક મહામંત્ર ધૂન કરી હતી. હરિભક્તોએ ઠાકોરજીના દર્શન કરી પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા.

(કોઠારીશ્રી ડાંગરવા (વાંટો) મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગવાડા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પૂ. મહંત શા. પી.પી. સ્વામી (ગાંધીનગર)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ગવાડામાં વિરાજમાન ઠાકોરજીનો ૩૮ મો પાટોત્સવ તા. ૧-૨-૨૦ ના રોજ વિધિવત રીતે ઉજવાયો. આ પ્રસંગે પૂ. મહંત શા. પી.પી. સ્વામી, સ.ગુ. શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર), શા. વ્રજભૂષણદાસજી અને નારાયણઘાટ મંદિરના મહંત શા. સ્વા. દિવ્યપ્રકાશદાસજી આદિ સંત મંડળે મહાપૂજા, અન્નકૂટ આરતી કરી સૌ હરિભક્તોને ભગવાનનું સુંદર માહાત્મ્ય કહ્યું હતું. કોઠારી પરિવારે યજમાનપદનો લાભ લીધો હતો. (નારાયણભાઈ પટેલ)

**ભીમપુરા (માણસા) શ્રી સ્વામિનારાયણ મંદિર**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ભીમપુરા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન સર્વોપરી શ્રી ઘનશ્યામ મહારાજ આદિ દેવોનો ૧૨ મો વાર્ષિક પાટોત્સવ વિધિવતરીતે ઉજવાયો. સ.ગુ. મહંત શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (ગાંધીનગર) તથા સ.ગુ. શા. સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) આદિ સંતોએ ઠાકોરજીને અન્નકૂટ ધરાવી આરતી કરી કથાવાર્તા કરી હરિભક્તોને સુંદર લાભ આપ્યો હતો. પાટોત્સવના યજમાન અ.નિ. વેલજીભાઈ ચૌધરી પરિવાર રહ્યાં હતા. (વિષ્ણુભાઈ ચૌધરી)

**ધરમપુર (ગાંધીનગર) મંદિર ત્રીજો પાટોત્સવ**

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. પી.પી. સ્વામી (ગાંધીનગર)ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર ધરમપુરમાં બિરાજમાન ઠાકોરજીનો ત્રીજો પાટોત્સવ તા. ૧૭-૨-૨૦ ના રોજ ભવ્યતાથી ઉજવાયો. આ પ્રસંગે કાલુપુર મંદિરના પૂ. મહંત સ્વામી અને સંત મંડળે પધારી આશીર્વાદ આપ્યા હતા. ભગવાન શ્રીહરિનો અભિષેક કરી અન્નકૂટ ધરાવી આરતી કરી ભવ્ય શાકોત્સવ ઉજવ્યો હતો. ગામના તમામ ભક્તોએ સુંદર લાભ લીધો હતો. (ઘનશ્યામસિંહ રાણા - ગાંધીનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઈશ્વરપુરા (બદપુરા) ગામે કથા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. મહંત શા. પી.પી. સ્વામી (ગાંધીનગર)ની પ્રેરણાથી ઈશ્વરપુરા (બદપુરા) ગામે તા. ૧૭-૨-૨૦ થી તા. ૨૦-૨-૨૦ પર્યન્ત પ.ભ. જેશંગભાઈ વેલજીભાઈ ચૌધરી પરિવાર તરફથી ત્રિદિનાત્મક કથા સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે થઈ હતી. ગામના તમામ હરિભક્તોએ કથા શ્રવણ કરી ધન્ય બન્યા હતા. આ પ્રસંગે પૂ. મહંત શા. પી.પી. સ્વામી, પૂ. મહંત સ્વામી (કાલુપુર) આદિ સંતોએ આશીર્વાદ આપ્યા હતા. (કોઠારી જયંતીભાઈ ચૌધરી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વિજાપુરનો ૫ મો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા ગાંધીનગર મંદિરના મહંત સ.ગુ.શા. પી.પી. સ્વામીની પ્રેરણાથી મહામુક્ત વજીબાના ગામ મહાતીર્થ વિજાપુર ગામના શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૫ મો પાટોત્સવ તા. ૭-૨-૨૦ થી તા. ૯-૨-૨૦ પર્યન્ત ઉજવાયો. પાટોત્સવના ઉપલક્ષમાં વચનામૃત ત્રિદિનાત્મક પારાયણ શા. સ્વા. સત્સંગિભૂષણદાસજી (કાલુપુર), સ.ગુ. શા. સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર) અને સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી (આદરજ) એ કથાનો લાભ આપ્યો હતો. શ્રી સ્વામિનારાયણ સમસ્ત સત્સંગ સમાજ વિજાપુર અને પારાયણના મુખ્ય યજમાન પ.ભ. નટવરભાઈ કચરાભાઈ પટેલ (ભાણપુર) હસ્તે ડૉ. ભરતભાઈ અને શ્રી નિલેશભાઈ પટેલ આદિ યજમાન રહ્યાં હતા. સભા સંચાલન શા. કૂંજવિહારી સ્વામીએ કર્યું હતું. પ.પૂ. લાલજી મહારાજશ્રી દ્વારા ઠાકોરજીની અન્નકૂટ આરતી અને શાકોત્સવ ધામધૂમથી ઉજવાયા હતા. છેલ્લે સૌ હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. (કોઠારીશ્રી, વિજાપુર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મોખાસણ ૩૦-૨૯ મો વાર્ષિક પાટોત્સવ (ભાઈઓ-બહેનોનું)**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામીશ્રી નારાયણવલ્લભદાસજી (વડનગર)ની પ્રેરણા માર્ગદર્શનથી તથા અ.સૌ. પટેલ રૂખીબેન ઘનશ્યામભાઈ, પ.ભ. પટેલ ઘનશ્યામભાઈ મણીલાલ (મોખાસણ) ચિ. પટેલ મુકેશભાઈ, ચિ. સંજયભાઈ (અમેરિકા) આદિ પરિવારના યજમાનપદે શ્રી સ્વામિનારાયણ મંદિર ભાઈઓનો ૩૦ મો અને બહેનોના મંદિરનો ૨૯ મો પાટોત્સવ અને તેના ઉપલક્ષમાં શ્રી પુરુષોત્તમપ્રકાશ ગ્રંથની ત્રિદિનાત્મક કથા સ.ગુ. શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર)ના વક્તાપદે તા. ૭-૨-૨૦ થી તા. ૯-૨-૨૦ પર્યન્ત સંપન્ન થઈ હતી.

તા. ૭-૨-૨૦ ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની પધરામણી થઈ હતી. અને સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ધામોધામથી સંતોએ પધારીને પોતાની અમૃતવાણીનો લાભ આપ્યો હતો. અત્રે સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ થયા હતા.

(કોઠારીશ્રી મોખાસણ મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અત્રે મંદિરના મહંત શા. પ્રેમપ્રકાશદાસજીની પ્રેરણાથી તા. ૫-૧-૨૦ ના રોજ ૫૦ હરિભક્તો દ્વારા હિંમતનગર થી જેતલપુર દેવના દર્શને બાઈક રેલી યોજી હતી. ધનુર્માસમાં આખો માસ ધૂન અને માઘસ્નાન, ભૂમાનંદ સ્વામી રચિત થાળ મુજબ સૌ ભક્તોએ થાળ બનાવી શ્રી ઘનશ્યામ મહારાજને ધરાવ્યો હતો. ભારતીય સંસ્કૃતિમાં મંદિરની આવશ્યકતા ઉપર વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. (રાજ ભગત)

**કુહા શ્રી સ્વામિનારાયણ મંદિર**

સર્વાવતારી પરબ્રહ્મ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. શા. સ્વા. ગુરુપ્રસાદદાસજી તથા શા.સ્વા. આનંદપ્રસાદદાસજીની પ્રેરણા-માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કુહા ખાતે તા. ૨-૨-૨૦ ને રવિવારના રોજ ઠાકોરજીનો પાટોત્સવ, શાકોત્સવ, અન્નકૂટ અને મહાપૂજા વિધિવત રીતે સંપન્ન થયા હતા. મહંત શા.સ્વા. યજ્ઞપ્રકાશદાસજી (કલોલ)એ હરિભક્તોને ભગવાનની કથા સંભળાવી હતી. આ પ્રસંગમાં યજમાન શ્રી ચંદ્રેશભાઈ પટેલ અને શ્રી મનુભાઈ પટેલ પરિવાર રહ્યાં હતા. કાલુપુર, જેતલપુર, કલોલ અને અંજલી મંદિરથી સંતો પધાર્યા હતા.

પાર્ષદ નરોતમ ભગત સાથે કુહા શ્રી નરનારાયણદેવ યુવક મંડળે પ્રેરણાત્મક સેવા કરી હતી.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - કુહા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર શહેરા (પંચમહાલ)**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. શા.સ્વા. હરિસ્વરૂપદાસજી (ખેરવા) વાસુદેવ સ્વામી (દિવડા કોલોની) કોઠારી રાધેશ્યામભાઈ અને શહેરા શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સાથ સહકારથી તા. ૨-૧-૨૦ થી તા. ૪-૧-૨૦ પર્યન્ત ઉપરોક્ત સંતો દ્વારા કથા કરવામાં આવી હતી.

શ્રી ઘનશ્યામ મહારાજ સન્મુખ ૧૯ મો શાકોત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો. ૨૦૦૦ જેટલા હરિભક્તોએ લાભ લીધો હતો. આ મંદિર અમદાવાદ શ્રી નરનારાયણદેવના સંત ધર્મજીવન સ્વામી અને તેમના શિષ્ય પૂ. કરશનદાસ સ્વામીએ

બંધાવેલ ત્યારબાદ પુનઃ નિર્માણ અને મૂર્તિ પ્રતિષ્ઠા સં. ૨૦૫૪ માં પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી.

(કોઠારીશ્રી, રાધેશ્યામ પટેલ - શહેરા)

## વિદેશ સત્સંગ સમાચાર

### કોલોનીયા મંદિરમાં પ.પૂ. મોટા મહારાજશ્રીની પધરામણી

આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર ન્યુજર્સી કોલોનીયા ખાતે ૧૫ ફેબ્રુઆરીના શનિવાર સાંજના ૫-૦૦ થી ૮-૦૦ દરમ્યાન પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રી તથા પૂ. બિન્દુરાજાના શુભ સાનિધ્યમાં બન્ને ભાણેજ શ્રી સુવ્રતકુમાર અને શ્રી સૌમ્યકુમારના બર્થડેની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સૌ પ્રથમ મહેશભાઈ પટેલની સંગીત મંડળીના યુવાનોએ ધૂન કીર્તન ભક્તિ કરી હતી. ધર્મકુળે ઠાકોરજીના દર્શન કરી, સભામાં પધાર્યા હતા. પ.પૂ. મોટા મહારાજશ્રીએ આપણા અહીંના ૨૮ મંદિરોની પ્રગતિ તેમજ સત્સંગના અનેક પ્રસંગોને યાદ કરી સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. કેક કટીંગ પ્રસંગે બન્ને ભાણાઓને પ.પૂ. મોટા મહારાજશ્રી અને પૂ. બિન્દુરાજાએ આશીર્વાદ પાઠવ્યા હતા. હરિભક્તોએ પ.પૂ. મોટા મહારાજશ્રીનું અને બહેનોએ પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી અને પૂ. બિન્દુરાજાનું સ્વાગત પૂજન કર્યું હતું. સમગ્ર પ્રસંગના યજમાન પૂ. બિન્દુરાજા રહ્યાં હતા. ઠાકોરજીને થાળ આરતી કર્યા બાદ સૌએ વિદાય લીધી હતી. પૂજારી અજયપ્રકાશ સ્વામીએ સુંદર આયોજન કર્યું હતું. (પ્રવિણ શાહ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર હ્યુસ્ટન

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી આપણા સીનીયર સીટીઝનના સૌ ભક્તોએ ૧૫ ફેબ્રુઆરીના બે લકઝરી બસમાં અમેરિકાના પ્રચલિત ઓસ્ટીન ટેકસાસના બરસાના દર્શને ગયા હતા. જ્યાં મંદિરના હોલમાં ધૂન ભજન કીર્તન ભક્તિ સૌએ સમૂહમાં કરી હતી.

આપણા હ્યુસ્ટન મંદિરમાં સવારે ૧૦-૦૦ થી ૩-૦૦ દરમ્યાન બ્લડ કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સેવા કરનાર સૌનું સન્માન કરવામાં આવ્યું હતું. સુવ્રત સ્વામી દ્વારા કથા કરવામાં આવી હતી. ઉત્તરાયણ પર્વ સુંદર રીતે ઉજવ્યો હતો.

<u>શ્રીમદ્ ભાગવત કથા</u>

આપણા હ્યુસ્ટન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ત્રિદિનાત્મક શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન તા. ૩૦-૧-૨૦ થી તા. ૧-૨-૨૦ દરમ્યાન સાંજના ૬-૦૦ થી ૮-૦૦ દરમ્યાન કરવામાં આવ્યું હતું. સુવ્રત સ્વામીએ કથા શ્રવણ કરાવ્યું હતું. જેના યજમાન ઉષાબેન પ્રવિણભાઈ શાહ, સાથે ધીરૂભાઈ પટેલ પ્રફુલાબેન, સૌ સહ યજમાન પરિવાર જોડાયા હતા. સેવા કરનાર સૌનું ફુલહારથી સન્માન કરવામાં આવ્યું હતું. (પ્રવિણ શાહ)

### એલનટાઉન વડતાલધામમાં સત્સંગ પ્રવૃતિ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી આપણા હિન્દુ શ્રી સ્વામિનારાયણ મંદિર એલનટાઉનમાં શનિવાર સાંજના ૫-૦૦ થી ૮-૦૦ દરમ્યાન મહંત શ્રી મુનિ સ્વામીની પ્રેરણાથી સુંદર સત્સંગ સભા થઈ હતી. જેમાં સૌ પ્રથમ યુવા હરિભક્તો દ્વારા ધૂન ભજન કીર્તન થયા હતા. સ્વામીએ કથાવાર્તા કરી હતી. સૌ યજમાન અને સેવા કરનારનું સન્માન કરાયું હતું.

છેલ્લે ઠાકોરજીની આરતી નિયમ કરી સૌએ સાથે પ્રસાદ લઈ વિદાય થયા હતા. હરિભક્તોએ સત્સંગ સભાનો લાભ લઈ કૃતાર્થ થયા હતા. (પ્રવિણ શાહ)

### છપૈયાધામ પારસીપની મંદિરમાં પ.પૂ. મોટા મહારાજશ્રીની દર્શનાર્થે પધરામણી

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી આપણા પારસપની મંદિરમાં સત્સંગની સુંદર પ્રવૃત્તિ થાય છે. ૧૬ ફેબ્રુઆરી રવિવારના સાંજના ૫-૦૦ થી ૮-૦૦ દરમ્યાન આપણા હ્યુસ્ટન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી તથા પૂ. બિન્દુરાજા તથા બન્ને ભાણાભાઈ દર્શનાર્થે પધાર્યા હતા.

અત્રે મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી અભિષેકપ્રસાદદાસજીની પ્રેરણા માર્ગદર્શન મુજબ સૌ હરિભક્તોએ બન્ને ભાણેજ શ્રી સુવ્રતકુમાર અને શ્રી સૌમ્યકુમારનો બર્થડે સત્સંગ સભામાં સુંદર રીતે કેક કટીંગ કરી ઉજવ્યો હતો. સૌ હરિભક્તોએ ઠાકોરજી સમક્ષ તેમનું સુંદર સ્વાસ્થ્ય અને તેમની સર્વ પ્રકારની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. સર્વે હરિભક્તોએ પ.પૂ. મોટા મહારાજશ્રીનું અને સર્વે બહેનોએ પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી અને પૂ. બિન્દુરાજાનું ફુલહારથી સ્વાગત પૂજન કર્યું હતું. બન્ને ભાણાભાઈએ અંગ્રેજીમાં સુંદર પ્રવચન કર્યું હતું. મહંત સ્વામીએ પણ ધર્મકુળના આગમનને વધાવી પ્રેરણાત્મક ધર્મકુળ માહાત્મ્ય કહ્યું હતું. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ સર્વે સભાને રૂડા આશીર્વાદ આપી રાજી થયા હતા. છેલ્લે ઠાકોરજીના થાળ આરતી નિયમ થયા હતા. (પ્રવિણ શાહ)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| પોષ સુદ-૧ | હિરાણી નાનજીભાઈ રામજીભાઈ (અડદીયો) | સુખપર-કચ્છ |
| પોષ સુદ-૨ | કેરાઈ વાલજી કાનજી (ચુરમાના લાડુ) | સુખપર-કચ્છ |
| પોષ સુદ-૨ | પટેલ પ્રવિણભાઈ વાઘજીભાઈ (દૂધપાક પુરી) | વડદલા |
| પોષ સુદ-૩ | મેઘાણી ધીરૂભાઈ ગિરધરભાઈ (અડદીયો) | વડોદરા |
| પોષ સુદ-૩ | પટેલ નાથીબેન કેશવલાલ (દૂધપાક માલપુંવા) | ચાંદખેડા |
| પોષ સુદ-૩ | ઠક્કર રિકીનભાઈ નરેશભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| પોષ સુદ-૩ | પટેલ ગોમતીબેન કરશનભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| પોષ સુદ-૩ | દેસાઈ શરદભાઈ માધાભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| પોષ સુદ-૪ | અ.નિ. કુમારભાઈ શાંતિલાલભાઈ સ્વામિનારાયણ (બુંદી) | અમદાવાદ |
| પોષ સુદ-૪ | અ.નિ. સોની રંજનબેન ચંદુભાઈ (અડદીયો) | વડોદરા |
| પોષ સુદ-૪ | ધનજીભાઈ નાથાભાઈ (મોહનથાળ) | સુરત |
| પોષ સુદ-૫ | શિયાણી નિકુંજ કરશન (મોહનથાળ) | સામત્રા-કચ્છ |
| પોષ સુદ-૬ | પટેલ રીટાબેન અરવિંદભાઈ (મોહનથાળ) | ધોરાસણ |
| પોષ સુદ-૬ | હિરાણી મેઘજી કરશન (મોહનથાળ) | સુખપર-રોહા |
| પોષ સુદ-૭ | અ.નિ. પ્રેમબાઈ લાલજી કેરાઈ (ચુરમાના લાડુ) | રામપર-કચ્છ |
| પોષ સુદ-૮ | અ.નિ. પ્રેમબાઈ લાલજી કેરાઈ (ચુરમાના લાડુ) | રામપર-કચ્છ |
| પોષ સુદ-૮ | અ.નિ. લાલજી શામજી કેરાઈ (મોહનથાળ) | રામપર-કચ્છ |
| પોષ સુદ-૮ | અ.નિ. સાંખ્યયોગી શાંતાબા (બુંદીના લાડુ) | હવેલી |
| પોષ સુદ-૯ | સહજાનંદ ગુરુકુળ (મોહનથાળ) | છારોડી |
| પોષ સુદ-૯ | ઠક્કર પ્રાગજીભાઈ (મોહનથાળ) | નાથદ્વારા |
| પોષ સુદ-૧૦ | પટેલ જહાન્વી મુકેશભાઈ (અડદીયો) | વાવોલ |
| પોષ સુદ-૧૦ | સોની હિરાલાલ રણછોડદાસ માંડલીયા (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| પોષ સુદ-૧૦ | સ્વામિનારાયણ મહિલા મંડળ (મોહનથાળ) | અડાલજ |
| પોષ સુદ-૧૦ | ભરતભાઈ (ડ્રાઈફ્રુટ હલવો) | જામફળવાડી |
| પોષ સુદ-૧૦ | પટેલ હરેશકુમાર કાળીદાસ (મગસ) | અમદાવાદ |
| પોષ સુદ-૧૨ | રાઠોડ ઘનશ્યામ અમરસિંહ (દૂધપાક પુરી) | નવસારી |
| પોષ સુદ-૧૨ | પાનેરીયા અશ્વિનભાઈ મનુભાઈ (મોહનથાળ) | |
| પોષ સુદ-૧૨ | રીયાન ફાર્માસી (ચુરમાના લાડુ) | લેકલેન્ડ ફલોરીડા |
| પોષ સુદ-૧૨ | એક હરિભક્ત (અડદીયો) | ઉનાવા |
| પોષ સુદ-૧૩ | ઝિંઝુવાડીયા વસંતબેન કસ્તુરચંદ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| પોષ સુદ-૧૪ | અ.નિ. આયુષીબેન દિપકભાઈ (મોહનથાળ) | હિંમતનગર |
| પોષ સુદ-૧૫ | ખેર ચંદુજી બળદેવજી (કાજુ બદામ મૈસુબ) | સોજા |
| પોષ સુદ-૧૫ | પટેલ બળદેવભાઈ એમ. (દૂધપાક પુરી) | અમદાવાદ |
| પોષ વદ-૧ | અ.નિ. સ.ગુ. પ્રભુજીવન સ્વામી (અડદીયો) | મૂળી |
| પોષ વદ-૧ | અ.નિ. રોહન સમીરભાઈ પટેલ (અડદીયો) | બાકરોલ |
| પોષ વદ-૨ | અ.નિ. પાટડીયા રમેશભાઈ મણીલાલ (દૂધપાક પુરી) | અમદાવાદ |
| પોષ વદ-૨ | દેસાઈ પરાગભાઈ (મોહનથાળ) | આંબલી |
| પોષ વદ-૨ | પટેલ દક્ષાબેન (દૂધપાક પુરી) | ઘુમાસણ |
| પોષ વદ-૨ | પટેલ તેજશભાઈ મગનભાઈ (અડદીયો) | |
| પોષ વદ-૨ | પટેલ વસંતલાલ પોપટભાઈ (દૂધપાક પુરી) | થોરી |
| પોષ વદ-૨ | ચૌધરી દશરથભાઈ શીવાભાઈ (અડદીયો) | બાલવા |

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| પોષ વદ-૩ | સાકરીયા દિનેશભાઈ (કાજુ બદામ મૈસુબ) | કિલા-પાલડી |
| પોષ વદ-૩ | મીરાણી કિરણબેન ભરતભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| પોષ વદ-૪ | પટેલ શારદાબેન ચિમનભાઈ (ચુરમાના લાડુ) | મુબારકપુર |
| પોષ વદ-૪ | અ.નિ. સદ્‌ગુણાબેન ઈમાનદાર (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| પોષ વદ-૪ | દાયમા વૃંદા શરદભાઈ (મોહનથાળ) | |
| પોષ વદ-૫ | અ.નિ. ગોકળભાઈ શામજીભાઈ સાંગાણી (ચુરમાના લાડુ) | બાપુનગર |
| પોષ વદ-૫ | પટેલ ધૂળીબેન ભુરાભાઈ (ચુરમાના લાડુ) | રાયણીયા |
| પોષ વદ-૫ | ડૉ. નાગેશ મહેતા એન્ડ ફેમીલી (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| પોષ વદ-૬ | નવીયા એસ. પટેલ (ચુરમાના લાડુ) | |
| પોષ વદ-૭/૮ | જેસાણી વાલબાઈ નારણ (મોહનથાળ) | બળદીયા-કચ્છ |
| પોષ વદ-૯ | દેપલા હર્ષદભાઈ ગીરીશભાઈ (દૂધપાક પુરી) | અમદાવાદ |
| પોષ વદ-૧૦ | જેસાણી નારણ મનજી (મોહનથાળ) | બળદીયા-કચ્છ |
| પોષ વદ-૧૨ | જેસાણી તેજસ રમેશ (બુંદીના લાડુ) | બળદીયા-કચ્છ |
| પોષ વદ-૧૨ | અ.નિ. ભીમાણી દિલીપકુમાર (અડદીયો) | શિકાગો |
| પોષ વદ-૧૨ | પંચાલ ગીરીશ કનૈયાલાલ (સાટા) | અમદાવાદ |
| પોષ વદ-૧૨ | મનીષભાઈ કરીયાણાવાળા (અડદીયો) | |
| પોષ વદ-૧૩ | જેસાણી જસુબેન રમેશ (ચુરમાના લાડુ) | બળદીયા-કચ્છ |
| પોષ વદ-૧૪ | જેસાણી જસુબેન રમેશ (મોહનથાળ) | બળદીયા-કચ્છ |
| પોષ વદ-૩૦ | પટેલ ગોરધનભાઈ ત્રિભોવનદાસ (મોહનથાળ) | ઈટાદરા |
| પોષ વદ-૩૦ | પટેલ વિનુભાઈ મૂળજીભાઈ (મોહનથાળ) | ગોઠીબ |


શ્રી સ્વામિનારાયણ માસિક પ્રકાશનની માલિકી અંગેની માહિતી.

**From-IV (see Rule : 8)**

| | | | |
|---|---|---|---|
| ૧. | **પ્રકાશન સ્થળ** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧ |
| ૨. | **પ્રકાશન સમય** | : | માસિક દર મહિને |
| ૩. | **મુદ્રકનું નામ** | : | મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી |
| | **રાષ્ટ્રીયતા** | : | હિન્દી |
| | **સરનામું** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |
| ૪. | **તંત્રીનું નામ** | : | મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી |
| | **રાષ્ટ્રીયતા** | : | હિન્દી |
| | **સરનામું** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |
| ૫. | **માલિક** | : | **શ્રી નરનારાયણ દેવની ગાદીના અધિપતિ પ.પૂ.ધ.ધુ.** |
| | **(સંસ્થાપક)** | | **આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** |
| | **રાષ્ટ્રીયતા** | : | હિન્દી |
| | **સરનામું** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |

હું શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી આથી જાહેર કરું છું કે ઉપર બતાવેલી બાબતો મારી જાણ અને સમજ મુજબ સાચી છે.

**સહી : શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, મહંત સ્વામી**

શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧

(પ્રકાશકની સહી)

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

૧૫૦૧/- કાચા ટેલર પરિવાર કાચા લક્ષ્મણભાઈ, રમણીકભાઈ, મુરજીભાઈ, ચંદુભાઈ, વિનોદભાઈ, પ્રકાશભાઈ આર, પ્રકાશ એમ. કપીલ, સૂરજ, કુલદિપ, આકાશ, કર્નલ, પૃથ્વીરાજ ચૌહાણ, સહજ, વિહાન, જીયાન આદિ પરિવાર — લેસ્ટર
૫૫૫/- પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપા અર્થે ભૂડીયા કાંતિલાલ કેસરા — ઈસ્ટ લંડન-ફોટડી(કચ્છ)
૫૫૫/- પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના રાજીપાઅર્થે અ.સૌ. જસવંતીબેન કાંતિલાલ ભૂડીયા — ઈસ્ટ લંડન-ફોટડી(કચ્છ)
૫૦૦/- પટેલ તુલસીબેન શ્રીહરિ અને ધર્મકુળ પ્રસન્નાર્થે — ઈસ્ટ લંડન
૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ માસિક પુણ્ય તિથિ નિમિત્તે — દહેગામ
૧૦૧/- વીણાબેન અ.નિ. પટેલ મનુભાઈ શનાભાઈ માસિક પુણ્ય તિથિ નિમિત્તે — દહેગામ
૧૦૦/- અ.નિ. પટેલ ભીખાભાઈ જગદીશભાઈ પુણ્યતિથિ નિમિત્તેદહેગામ
૧૦૦/- મેવાડા રમેશભાઈ અ.નિ. ભાણો અશ્વિનભાઈ ધીરૂભાઈના સ્મરણાર્થે — જાબુંડાવાળા
૫૦૦/- પરમાર જગદીશ બચુલાલ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — ધૂળકોટ-નાઈરોબી
૧૦૦/- બારોટ ધર્મિષ્ઠાબેન બળદેવભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ઝુલાસણ
૨૦૦/- પટેલ પૂંજાભાઈ હીરદાસ ગ્રામસેવક પરિવાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — ડાંગરવા
૧૧૧/- અ.નિ. મોદી રણછોડલાલ સુરચંદદાસના સ્મરણાર્થે — મહેસાણા
૧૧૧/- અ.નિ. મોદી ચંચળબેન રણછોડદાસના સ્મરણાર્થે — મહેસાણા
૧૧૧/- અ.નિ. મહેતા મણીલાલ મુલચંદદાસના સ્મરણાર્થે — સાબરમતી
૧૧૧/- અ.નિ. મહેતા ડાહીબેન મણીલાલના સ્મરણાથી — સાબરમતી
૧૦૦/- મોદી રીટાબેન જયંતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — મુંબઈ
૧૦૦/- પટેલ રામભાઈ એમ. શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — મોખાસણ
૧૦૦/- અ.નિ. પટેલ ભીખાભાઈ જે. પુણ્યતિથિ નિમિત્તે — દહેગામ
૨૦૦/- પટેલ છનાભાઈ પ્રહલાદભાઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — ઝુલાસણ
૫૦૦/- પટેલ નટવરભાઈ અંબાલાલ શ્રીજી પ્રસન્નાર્થે — સાબરમતી

૨૦૦/- પટેલ રોનકભાઈ બળદેવભાઈ પુત્ર જન્મ પ્રસંગે — ગવાડા
૩૦૦/- પોંકીયા આંબાભાઈ વશરામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — એણાસણ
૫૦૦/- પટેલ જય ઉર્મિક પૂ. બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજીની બીજી પુણ્ય તિથિ નિમિત્તે — ધમાસણા
૧૦૦/- પ્રજાપતિ ગોમતીબેન ગાંડાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — સાબરમતી
૧૫૦/- પટેલ મીનાબેન અંબાલાલ ત્રીજી પુણ્ય તિથિ નિમિત્તે — દેલવાડા
૨૦૦/- મોદી પરેશભાઈ મુકુન્દચંદ્ર ઓચ્છવીયા પોષ સુદ-૧૧ અને પોષ વદ-૧૧ નિમિત્તે — અમદાવાદ
૨૦૦/- પટેલ ભાગ્યેશભાઈ ગોરધનભાઈ અ.નિ. મંજુલાબેનની પુણ્યતિથિ નિમિત્તે — ઉવારસદ
૨૦૦/- પટેલ ભાગ્યેશભાઈ ગોરધનભાઈ ચિ. શિવાનીના જન્મ દિને — ઉવારસદ
૨૫૧/- સોની ગીરીશભાઈ પુરૂષોત્તમદાસ ચિ. જયમીનને ન્યુઝીલેન્ડના વિઝા મળ્યા તે નિમિત્તે — અમદાવાદ
૧૦૦/- પટેલ આશા મિતેશકુમાર લગ્ન તિથિ નિમિત્તે — રાણીપ

૨૦૧/- પટેલ વિષ્ણુભાઈ કાનદાસ ચિ. પુત્રી તેજલબેનની રિંગસેરેમની નિમિત્તે — વડુ
૧૦૧/- મોદી અનાયા કૌશલકુમાર સાકરતુલા નિમિત્તે — મહેસાણા
૧૦૧/- મોદી તન્વી કૌશલકુમાર ચિ. અનાયાની સાકરતુલા નિમિત્તે — અમેરિકા
૧૦૧/- મોદી કૈલાશબેન હસમુખભાઈ ચિ. પૌત્રી અનાયાની સાકરતુલા નિમિત્તે — મહેસાણા
૧૧૧/- ઠક્કર વાડીલાલ ચંદુલાલ ચિ. હિરના જન્મ દિને — ખેડા
૧૦૦/- દરબાર ભગવતસિંહ ગેમરભાઈ પિતૃ પારાયણ નિમિત્તે — ભાયલા
૫૦૫/- ગોહિલ યોગેન્દ્રસિંહ મધુભા ચિ. પુત્ર ધ્રિતિકાસિંહના તા. ૮-૧૨ જન્મ દિને — ભરૂચ
૧૦૦/- પટેલ નીલ કિશન ભાણાભાઈના જન્મ દિને તા. ૨૦-૧ — અમેરિકા
૧૫૧/- પૂજારી શાસ્ત્રી સ્વામી સૂર્યપ્રકાશદાસજી શ્રી નરનારાયણદેવના રાજીપા અર્થે — ગઢપુર
૧૦૦/- પટેલ નારણભાઈ બહેચરદાસ નવું સ્કુટર લાવ્યા તે નિમિત્તે — ગવાડા
૧૦૦/- પટેલ હિરેનેભાઈ ત્રિભોવનદાસ શ્રીજી પ્રસન્નાર્થે — કટોસણ
૨૦૧/- પ્રજાપતિ બટુકભાઈ માવજીભાઈ વસંત પંચમી નિમિત્તે — બાવળા
૧૦૦૧/- પટેલ કાંતાબેન રમણભાઈ પુણ્યતિથિ નિમિત્તે — અસલાલી
૧૦૧/- ચૌધરી કવિશા સંજયકુમાર જન્મ દિને — બાપુપુરા
૧૦૧/- ભાવસાર રેખાબેન કિરીટકુમાર શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૫૦૧/- પરમાર ઘનશ્યામસિંહ ગંભીરસિંહ ચિ. પુત્રી સાક્ષીના જન્મ પ્રસંગે ૧-૧ — બળોલ-ભાલ
૧૧૧/- નાગર નવીનચંદ્ર બાબુલાલ શ્રીજી પ્રસન્નાર્થે — ઓઢવ
૨૦૦/- મોદી જગદીશકુમાર જીવણલાલ ચિ. પૌત્ર વર્ષિલની ચૌલ ક્રિયા નિમિત્તે — પ્રાંતિજ
૧૦૧/- શુકલ તરૂણભાઈ ભરતભાઈ ચિ. ધૈર્યની જનોઈ નિમિત્તે — પ્રાંતિજ
૨૦૦/- પટેલ જીમી મુકેશભાઈ ઓસ્ટ્રેલીયાના વિઝા નિમિત્તે — ગવાડા
૧૦૦/- ગાંગાણી નિશાબેન અંકિત શ્રીમંત પ્રસંગે — અમદાવાદ
૫૦૦/- પટેલ મહેશભાઈ મંગળભાઈ જીયાનની બાબરી નિમિત્તે — વહેલાલ
૧૦૦/- રાણપુરા મહેશભાઈ દલપતભાઈ ચિ. હેલીના લગ્ન પ્રસંગે — બાપુનગર
૧૦૦/- કેરાઈ દશરથભાઈ વાઘજીભાઈ પુત્ર-પુત્રી માટે નવું એકટીવા લીધુ તે નિમિત્તે — અમદાવાદ
૧૫૦/- પટેલ પ્રભુભાઈ ત્રિભોવનભાઈ જન્મ દિને — ટ્રેન્ટ
૧૦૧/- પ્રજાપતિ કિશનકુમાર ધીરજલાલ લગ્ન પ્રસંગે — જોરાવરનગર
૧૦૦/- પટેલ મુકેશભાઈ જોઈતારામ ભાણી બિન્દાના જન્મ દિને — ડાંગરવા
૨૦૦/- સોની હેતલબેન ઘનશ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ઝુલાસણ
૨૦૦/- ઠાકોર હિરાબેન હલુજી શ્રીજી પ્રસન્નાર્થે — ઝુલાસણ
૨૫૦/- ચાવડા મિતુલકુમાર રણછોડભાઈ ઓઘડભાઈ શુભ લગ્ન પ્રસંગે — વડોદરા
૨૫૦/- ચાવડા રણછોડભાઈ ઓઘડભાઈ ચિ. ભીમુકાના લગ્ન પ્રસંગે — વડોદરા
૨૦૦/- પટેલ આશિષ નટવરભાઈ ઓસ્ટ્રેલીયામાં મકાન લીધું તે નિમિત્તે — સાબરમતી
૨૦૧/- અ.નિ. પટેલ આનંદીબેન શંકરભાઈના સ્મરણાર્થે — અસલાલી
૧૦૦/- મોદી અમરતલાલ મગનભાઈ વસંત પંચમી નિમિત્તે — સેટેલાઈટ
૧૦૦/- મોદી વિનુભાઈ નાથાલાલ શ્રીજી પ્રસન્નાર્થે — વાડજ
૧૦૧/- ભાલેકર ઓમ મનોજ જન્મ દિને — મુંબઈ
૨૦૧/- પટેલ સ્વીટીબેન જન્મ દિને — સાબરમતી
૧૦૧/- પટેલ સુમિત્રાબેન કમલેશભાઈ જન્મ દિને — મારૂસણા
૧૧૧/- સોની લતાબેન દિપકભાઈ એનીવર્સરી નિમિત્તે — વિરમગામ
૧૦૧/- અ.નિ. મોદી કાંતાબેન અમૃતલાલ ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે — સાબરમતી
૫૦૧/- પટેલ રમેશભાઈ સોમાભાઈ ચિ. જયકૃષ્ણના લગ્ન પ્રસંગે — ઈટાદરા
૫૦૦/- પટેલ ધર્મેન્દ્ર લાલભાઈ ચિ. આરઝુના લગ્ન પ્રસંગે — ઉનાવા
૨૫૧/- લાઠીયા માનસી ઘનશ્યામભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે — અમદાવાદ

૧૦૦/- પટેલ જયંતીભાઈ રામદાસ માણસા
ચિ. ભાણી નેન્સી અને પહલના જન્મ દિને
૧૦૧/- પટેલ રાજવીબેન ચિ. વિહાનના જન્મ દિને તા. ૧૩-૨ કેનેડા
૨૫૦/- ગજ્જર રમેશ સી. શ્રીજી પ્રસન્નાર્થે ઉમરગામ
૧૧૦૦/- પટેલ શાંતાબેન વિઠ્ઠલભાઈ રિદ્રોલવાળા
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૫૦૦/- પટેલ કમલેશભાઈ નથ્થુદાસ નવી ગાડી લીધી તે નિમિત્તે આજોલ
૨૦૦/- જાદવ નીતાબા જીલુભા ચિ. હિમાનીબાના લગ્ન પ્રસંગે વેજળકા
૧૦૦/- સિંધવ રણછોડભાઈ મોહનભાઈ વેજળકા
ચિ. કોમલબાના લગ્ન પ્રસંગે
૨૦૦/- ચૌધરી અમૃતભાઈ લવજીભાઈ માણેકપુર
નોકરીમાંથી નિવૃત થયા તે નિમિત્તે
૧૦૦/- ચૌધરી વિજયકુમાર અમૃતભાઈ ચિ. વિરાના જન્મ પ્રસંગે માણેકપુર
૫૦૦/- સહજાનંદ ટ્યુબ વેલ નવો બોર કર્યો તે નિમિત્તે ભાઉપુરા
૨૦૦/- પટેલ સુધાબેન મનુભાઈ ઓપરેશન સફળ થયું તે નિમિત્તે બાયડ
૧૦૦/- પટેલ યુવરાજ ગોપાલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાયડ
૧૦૦/- પટેલ સંસ્કાર ગોપાલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાયડ
૧૦૦/- પટેલ પ્રવિણકુમાર જગજીવનદાસ શ્રીજી પ્રસન્નાર્થે જાનવડ
૧૦૦/- પટેલ ભાઈલાલભાઈ ખેમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે જાનવડ
૧૦૦/- પટેલ મણીબેન લખીદાસ શ્રીજી પ્રસન્નાર્થે જાવનડ
૧૦૦/- વાઘેલા પાર્થ યુવરાજસિંહ જન્મ દિને ગોધાવી
૧૦૦/- વાઘેલા વિલાસબા કાનજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૨૫/- ડૉ. કેતનભાઈ કિશોરભાઈ સાપરીયા રાજકોટ
ચિ. દેવના જન્મ પ્રસંગે
૧૦૦/- વાઘેલા રામબાબા કેસરીસિંહ શ્રીજી પ્રસન્નાર્થે રાજકોટ
૧૦૦/- વાઘેલા દેવુબા રણજીતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૦/- પટેલ ચંદ્રિકાબેન ગોરધનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કુંડાળ
૧૦૦/- અ.નિ. ચૌહાણ આયુષસિંહ વજેસિંહ પુણ્યતિથિ નિમિત્તે ટાંકીયા
૧૦૦/- પટેલ જયંતીલાલ દેવજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ગોઠીબ
૧૦૦/- પટેલ કાંતિભાઈ હિરાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે લવારપુર
૧૦૦/- ચોટલીયા ધૃતિબેન રમેશભાઈ જન્મ દિને નવસારી
૫૦૦/- અ.નિ. મનાણી કમળાબેન બાબુલાલના સ્મરણાર્થે ધારી
૧૧૧/- જયસ્વાલ પ્રોમીશકુમાર સંજયભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સૂકાટીંબા
૧૦૧/- પટેલ રામાભાઈ જે. શ્રીજી પ્રસન્નાર્થે સૂકાટીંબા
૧૦૦/- વાઘેલા જીકુબા અજીતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૦/- અ.નિ. પટેલ જસુભાઈ હેમાભાઈના સ્મરણાર્થે પરઢોલ
૧૦૦/- પટેલ ગીરીશભાઈ ગોવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે પરઢોલ
૧૦૧/- પટેલ મિત ગીરીશભાઈ તા. ૨૮-૩ જન્મ દિને અમદાવાદ
૧૦૧/- પટેલ ભારતીબેન ગીરીશભાઈ નવા મકાન નિમિત્તે અમદાવાદ
૧૦૦/- પટેલ નિવાન, રિકીન જન્મ પ્રસંગે લવારપુર
૧૦૦/- ઠક્કર ચંદુલાલ શ્રીજી પ્રસન્નાર્થે ગાંધીનગર
૨૦૦/- પટેલ મિતેષ કેશવલાલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે નરોડા
૧૦૦/- મોરી અજીતભાઈ પથાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૦૦/- મોરી અશોકભાઈ કાનજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૫૦૦/- પટેલ હર્ષિવ દેવેન્દ્રભાઈ વિષ્ણુભાઈ ચૌલ સંસ્કાર નિમિત્તે વડુ
૧૦૦/- પટેલ પોચીદાસ જીવીદાસ શ્રીજી પ્રસન્નાર્થે વડુ
૧૦૦/- પટેલ રમેશચંદ્ર રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૦/- ભાવસાર પરાગ મનોજભાઈ બેંકમાં જોબ મળી તે નિમિત્તે સરસપુર
૧૦૦/- પટેલ પ્રીતિબેન જસુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે લવારપુર
૫૦૦/- પટેલ દિપાલીબેન મહેન્દ્રભાઈ ડૉક્ટરની ડીગ્રી મળી તે નિમિત્તે કડી
૧૦૦/- અ.નિ. પટેલ હિરાબેન ઉમેદભાઈ ૪ થી પુણ્ય તિથિ નિમિત્તે નાંદોલ
૫૦૧/- શેઠ મિત રજનીકાંત શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- પટેલ રચના જીગર ચિ. પર્વના જન્મ પ્રસંગે લવારપુર
૧૦૦/- પટેલ રાજેન્દ્ર જયંતીલાલ જાન્યુઆરીની સેલેરી નિમિત્તે ઘોડાસર
૧૦૦/- એક સત્સંગીબેન શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે કલોલ
૫૦૧/- ઠાકર શિવમ રાધિકાના તા. ૧૪-૨-૨૦ લગ્ન પ્રસંગે અમદાવાદ
૨૦૧/- પટેલ નંદુબેન ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ડેમાઈ
૧૦૧/- કા. ચિમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ
૨૫૦/- પટેલ પશાભાઈ ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ગાંધીનગર
૨૫૦/- પટેલ અંબાલાલ ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વાવોલ
૧૦૦/- પટેલ લલીતાબેન રમણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સાબરમતી
૧૦૦/- પટેલ રમણભાઈ મરઘાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સાબરમતી
૨૦૦/- અ.નિ. પટેલ મણીલાલ હિરાલાલના સ્મરણાર્થે દહેગામ
૨૦૦/- અ.નિ. પટેલ માણેકબેન મણીલાલના સ્મરણાર્થે દહેગામ
૧૦૦/- પટેલ કૃષ્ણલાલ બાબુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ધરમપુર
૫૫૧/- પટેલ કોકીલાબેન રતિલાલ શ્રીજી પ્રસન્નાર્થે ગોઠીબ
૫૦૧/- પટેલ કૃષ્ણકુમાર વાડીલાલ શ્રીજી પ્રસન્નાર્થે ગોઠીબ
૧૦૦/- દરજી મનોજ એ. શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૦/- ચાવડા ચંદ્રસિંહ કૌશિકભાઈ ચિ. ધ્વનિના જન્મ દિને બળોલવાળા
૧૦૦/- શાહ ઈન્દ્રવદન શ્રીજી પ્રસન્નાર્થે પાલડી
૫૦૦/- પટેલ દીપકુમાર ઉમેશભાઈ લાલોડા
નોકરીમાં કાયમી થયા તે નિમિત્તે
૧૦૦/- મોદી પરેશભાઈ મુકુન્દચંદ્ર ઓચ્છવીયા મહા સુદ-૧૧ નિમિત્તે
૫૦૧/- પટેલ વિરાટ રમણભાઈ ચિ. નમહના જન્મ પ્રસંગે સાબરમતી
૧૦૧/- ચૌધરી નિયંતા ઉત્પલવ જન્મ દિને માણેકપુર
૧૦૦/- ઠક્કર ઘનશ્યામભાઈ પોપટભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૫૦૧/- પટેલ મનીષાબેન કિરીટભાઈ મોખાસણ
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૦/- પટેલ કિશા રાજેનભાઈ જન્મ દિને અમદાવાદ
૧૦૦/- મોદી જીગરકુમાર ચંદ્રકાંત ખુશાલી પ્રસંગે ગાંધીનગર
૨૦૧/- અ.નિ. પટેલ આનંદીબેન શંકરભાઈ અસલાલી
૪ થી માસિક પુણ્ય તિથિ નિમિત્તે
૫૦૦/- પટેલ ધર્મેન્દ્રભાઈ ખોડાભાઈ કનીપુર
ચિ. પુત્ર જીગર કેનેડામાં પી.આર. થવા નિમિત્તે
૧૦૧/- પટેલ કીરીટકુમાર ભોળીદાસ મોખાસણ
કેનેડામાં વિઝા મળ્યા તે નિમિત્તે
૧૦૧/- પટેલ જયશ્રીબેન કિરીટકુમાર શ્રીજી પ્રસન્નાર્થે મોખાસણ
૧૫૦૧/- મીસ્ત્રી હિંમતલાલ છોટાલાલ મકાનનું રિનોવેશન નિમિત્તે ઘોડાસર
૧૦૦/- પટેલ જીનલબેન જીતુભાઈ જન્મ દિને વિહાર
૧૦૧/- વેકરીયા મંજુલાબેન વિઠ્ઠલભાઈ ગાંધીનગર
ચિ. જીયાનના જન્મ દિને
૧૦૧/- મોદી અમરતલાલ મગનલાલ કલાવતીબેનના જન્મ દિને સેટેલાઈટ
૧૦૧/- રાદડીયા જીગ્નેશભાઈ દિનેશભાઈ અમદાવાદ
પગાર વધારા નિમિત્તે
૧૦૧/- રાદડીયા નિકુંજભાઈ દિનેશભાઈ અમદાવાદ
પગાર વધારો થયો તે નિમિત્તે
૫૦૦/- પટેલ વિમળાબેન રમણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અસલાલી
૧૦૦/- ઠક્કર હસુબેન કનૈયાલાલ શ્રીજી પ્રસન્નાર્થે ઈશનપુર
૩૦૦/- પટેલ અનાયા કિશનભાઈ જન્મ પ્રસંગે અમદાવાદ
૩૦૦/- પટેલ દક્ષાબેન વિષ્ણુભાઈ કેનેડાના વિઝા મળ્યા તે નિમિત્તે કુબડથલ
૪૩૦૦/- પટેલ વિજયકુમાર ચિમનલાલ મોખાસણવાળા
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.















૧. નારણઘાટ મંદિરના પાટોત્સવ પ્રસંગે અભિષેક દર્શન ૨.મહેસાણા મંદિરના ૧૨માં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીના અન્નકૂટ દર્શન.૩.ધોળકા મંદિર દ્વારા આયોજીત શાકોત્સવ કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી. ૪. કરશનપુરામાં શતાબ્દી મહોત્સવ પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૫.ધાજપુરમાં નૂતન મંદિરની ખાત વિધિ કરતાં આપણા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી. ૬.સીનેસીન્સન (અમેરિકા) મંદિરમાં શિવરાત્રીના શિવપૂજન. ૭. કોટા રાજસ્થાનમાં નૂતન યાત્રિક ભુવન, છપૈયા બાય રોડ જતાં યાત્રિકોને રસ્તામાં રહેવા જમવાનો લાભ લેવા વિનંતી.

Registered under RNI Is-GUJ GUJ 2007/20221 "Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC - 003/2018-2020 Valid up to 31-12-2020 issued by the SSPO's License to post without Prepayment No.PMG/HQ/028/2018-20 valid upto 31-12-2020



## શ્રી નરનારાયણદેવનો ૧૯૮મો પાટોત્સવ

